Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


૧ દીપદર્શનમાં આત્મદર્શન. ( લે. રેવાશંકર વાલજી બધેકા ) ૬૧
૨ જૈન સમાજ સાથેનો મારો પરિચય. ( કાકા કાલેલકર ) ૬૩
૩ દીવાળી પર્વનું રહસ્ય. ( મુનિ શ્રી ન્યાયવિજયજી ) ૬૮
૪ જ્ઞાનોપાસના. ( લે. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા ) ૭૨
૫ ઘરઘર પ્રગટો દિવાલી ( લે. રાજપાળ મગનલાલ વ્હોરા ) ૭૪
૬ હાટડી. ( મુનિશ્રી દર્શનવિજયજી ) ૭૫
૭ મહાવીર નિર્વાણ. ( લે. આ. શ્રી. વિજયકસ્તુરસૂરિ ) ૭૭
૮ ગુરુ મહિમા, ગુરુ સ્તુતિ ... ... ... ૮૦
૯ સુભાષિત વચનામૃતો, ( લે. સ્વ. સ. ક. વિ. ) ૮૧
૧૦ જૈન સાહિત્યનો પ્રચાર કઇ રીતે વિકસે ( લે. રાજપાળ મગનલાલ વ્હોરા ) ૮૩
૧૧ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચીત સાહિત્યની રૂપરેખા. (લે. મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ. ૮૫
૧૨ વર્તમાન સમાચાર. ... ... ... ૮૭


---

## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટનું પુસ્તક

" મહામેઘવાહન જૈન રાજા ખારવેલ " નામનો પ્રાચીન એતિહાસિક ગ્રંથ સુપ્રસિદ્ધ લેખક રા. સુશીલના હાથે તૈયાર થયેલ છે, ચાલતા ધોરણ મુજબ એ વર્ષના લવાજમનું વી. પી. કરી અમારા માનવંતા ગ્રાહકોને કારતક શુદ ૫ થી ભેટ મોકલવામાં આવશે જે સ્વીકારી લેવા અમારી નમ્ર સુચના છે.

---

### શ્રી પરમાત્માના ચરિત્રો.

( ગુજરાતી ભાષામાં ) તૈયાર છે.

૧ શ્રી નેમનાથ ચરિત્ર ૨-૦-૦
૨ શ્રી વિમળનાથ ચરિત્ર ૧-૧૨-૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર, બે ભાગમાં ૪-૮-૦
૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ૧-૧૨-૦
૫ શ્રી મહાવીર ચરિત્ર રૂા. ૩-૦-૦
૬ શ્રી તીર્થંકર ચરિત્ર ( ચોવીશ જિનેશ્વરના સંક્ષિપ્ત રસપૂર્વક ચરિત્ર ) જૈન પાઠશાળા કન્યાશાળામાં પઠનપાઠન માટે ખાસ ઉપયોગી. રૂા. ૦-૧૦-૦

### છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. )
२ श्री मलयगिरि व्याकरण.
३ श्री वसुदेवहिंडि त्रीजो भाग.
४ पांचमो छठ्ठो कर्मग्रन्थ.
५ श्री बृहत्कल्प भाग ४

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક: ૩૬ મું : આશ્વિન : ૧૯૯૪

અંક ૩ જો : આકટોબર : ૧૯૩૮

नवुं वर्ष मुबारक धर्मो रक्षति रक्षितः नवी साल मांगलिक

# દીપદર્શનમાં આત્મદર્શન.

દોહરો.

ઓ! આવી દીપોત્સવી, વિવિધ રમ્યક વેશ;
સૃષ્ટિને સમજાવતી, સારરૂપ સંદેશ. ૧

હરિગીત છંદ.

ચોરાણું ને પંચાણુંનો, સંધિ સમય નજરે થશે,
ક્ષણભર જગતજંજાળને, અંતરથકી અળગી કરો;
બંનેતણાં રૂપો નિહાળી, સુજ્ઞ જન તત્ત્વો ગ્રહે,
ઓ ચેત નર! ઓ ચેત નર!! એ બોધ પંચાણું કહે—૧

ચોરાણું કયાં ચાલી ગઇ? પંચાણું કયાંથી આવી આ?
જૂની નવી કહેવાય કયમ? એ ભેદની શું ચાવી આ?
આ મૂક-ઊંડા કોયડાનાં, વહન અંતરમાં વહે,
શાણા જનો! એ તત્ત્વ શોધો, એમ પંચાણું કહે—૨

વગડાવી વિશ્વે હાક જ્યારે, સમયમૂર્તિ સીકંદરે,
જગ જીતવા ઝઝુમી રહ્યો, એ આત્મજ્ઞાન વિના ખરે;
ભારતઋષિ ભેટયા અને, અમરત્વનાં તત્ત્વો કહે,
"ભ્રમમાં ભટકતો અટક તું" એ આજ પંચાણું કહે—૩

અગણિત કીધી સમૃદ્ધિ, રમ્યક રિદ્ધિ ને સિદ્ધિઓ,
અમરત્વ એકયેમાં નથી, વિલસંતી વ્યર્થ જ વિધિઓ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોરાણું ખાલી હાથ ગઈ! પંચાણુંમાં વડનો વહે,
મારીય અંતિમ એ દશા! એ બોધ પંચાણું કહે—૪
ક્ષણ-પ્રતિક્ષણે સંસારની, નેત્રેથી નશ્વરતા જુઓ,
ભવસાગરે ભટકી અરે! શીદ આત્મલાભ ખરો ખુઓ;
નિશ્ચય ઝડપશે કાળ રાજા-રંક કો સ્થિર ના રહે,
તદપિ ન છૂટે મોહ! એ સત્યાંક પંચાણું કહે—૫
ફટ ફટ ફડાકા ફૂટતા, જેમ તાર તાના તૂટતા,
દર્શાવતા "દુનિયાં ક્ષણિક" ઊંચે ગબારા ઊડતા;
દીપપંક્તિઓ દેખાડતી આ, તેજ અંતર દહે,
સાચો પ્રકાશ જ આત્મનો, એ તત્ત્વ પંચાણું કહે—૬
ભોજન વિવિધ, વસ્ત્રો વિવિધ, વાહન વિવિધ વિલસી રહ્યાં,
આ આંખથી એ સંપત્તિનાં, રૂપ જોયાં ને ગયાં;
અવિચ્છિન્ન રૂપ જ આત્મનું, ત્રય કાળમાં નિશ્ચળ રહે,
એ સત્ય દીપ દીવાળીનો, એ બોધ પંચાણું કહે—૭
સદ્ધર્મ ને સત્કર્મ એ બે દીપ આ સંસારમાં,
જેના હૃદયમાં એ દીવા, એ ધન્ય નર વ્યવહારમાં;
જ્યાં આત્મજ્યોતિ ભાસતી ત્યાં નિત્ય દીવાળી રહે,
દીપોત્સવીની દિવ્યતા, એ સત્ય પંચાણું કહે—૮
વેપારીઓ નિજ ચોપડામાં, લાભ-હાનિ તારવે,
તું પાપ-પુણ્યતણા હિસાબો, ઝટ ગણી લે આ ભવે;
સરવૈયું કાઢી જોઇ લે, શું લાભ કે હાનિ રહે,
ઓ ચેત નર! ઓ ચેત નર!! પંચાણું પ્રારંભે કહે—૯
સાચી દીવાળી એ જ કે, પરમાર્થનાં કૃત્યો કરો,
સાચી દીવાળી એ જ કે, દુઃખી-દર્દીનાં કષ્ટો હરો;
નિજ આત્મનું, નિજ દેશનું, કલ્યાણ એ કર્તવ્ય છે,
એવા સુઘડને આ દીવાળી-પર્વ ભારે ભવ્ય છે—૧૦

### વસંતતિલકા વૃત્ત.

આરોગ્યતા અવનિમાં અવિનાશ આપો,
શાંતિ સુખોદ્ભવ સુસંસ્કૃતિમાંહી વ્યાપો;
માંગલ્યતાનું ખૂબ ખુલ્લું કરો જ બારૂં,
આજે દીવાળી દિન પ્રાર્થના એ ઉચ્ચારું—૧

સં. ૧૯૯૪
દીપોત્સવી

લી. સમષ્ટિ શુભચિંતક,
**રેવાશંકર વાલજી બધેકા**
નિવૃત્ત એજ્યુ. ઇન્સ્પે. ધર્મોપદેશક-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કાકા કાલેલકર

# જૈન સમાજ સાથેનો મારો પરિચય

પરમાનંદભાઈએ મને બહુ અઘરો વિષય સોંપ્યો છે. અમુક માણસ પોતાને વિષે કેવા અભિપ્રાય ધરાવે છે એ જાણવાનો રસ સૌને હોય છે. એ જ કારણે આટલી મોટી સંખ્યામાં આપ સૌ અહીં હાજર થયા છો એમ હું માનું છું, પણ જૈનો આગળ ઊભા થઈ જૈન સમાજ કે ધર્મ સાથેનો પોતાનો પરિચય રજૂ કરવો એ સહેલી વાત નથી. હું તો એડમંડ બર્કના મતનો છું કે કોઈપણ જાતિ, સમાજ કે રાષ્ટ્ર વિષે સાર્વત્રિક સિદ્ધાંત બંધાય જ નહિ. દરેક સંસ્કૃતિની વિશિષ્ટતાઓ ભલે હોય પણ સમાજમાં તો અનેક જાતના લોકો હોય. અમુક લોકો સારા ને અમુક નરસા એવો ભેદ પડાય જ નહિ. મનુષ્યજાતિ બધે સરખી જ છે.

અને જૈન સમાજ સાથેનો મારો પરિચય કયાં બહોળો છે? હું તો અમુક મિત્રોને જ ઓળખું. મેં મુસાફરી ખૂબ કરી છે, પણ તે તો નદી અને પર્વતો, તીર્થો અને મંદિરો, ગામડાં અને તેમનો ભૂખમરો એ જોવા માટે. સમાજની વિવિધ પ્રવૃત્તિઓ સાથેનો મારો પરિચય પરિમિત જ છે. જે છે તે વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સાથે. ઇશ્વરે મને બહુ સારા મિત્રો આપ્યા છે પણ આખા સમાજ વિષે હું કેમ બોલું ?

માણસનો પરિચય ઓછો હોય કે વધારે, સાથે સાથે અભિપ્રાય તો બાંધવો પડે જ છે; કેમકે અભિપ્રાય બાંધ્યા વગર વ્યવહાર સંભવે જ નહિ. પણ એવો અભિપ્રાય વ્યક્ત ન થઈ શકે. પોતાના મન સાથે પણ એનું પૃથક્કરણ ન થાય. એ નિશ્ચિત હોય તોયે અવ્યક્ત જ રહી શકે.

મારા અનુભવ પરથી એટલું કહી શકું કે કોઇપણ સમાજ પોતે શ્રેષ્ઠ હોવાનો દાવો ન કરી શકે. હું તો એટલે સુધી કહું કે બીજી કોમો કરતા પોતે વધારે અહિંસક હોવાનો દાવો પણ જૈનોએ ન કરવો ઘટે. વિગતોમાં કે રિવાજોમાં ભલે ભેદ હોય પણ ગુજરાતની બધી કોમો સરખી રીતે અહિંસક છે. તમે ઇચ્છો તો એ દાવો જરૂર કરી શકો કે જૈન ધર્મના પ્રચારને લીધે અને તમારા સહવાસને લીધે લોકોમાં આટલી અહિંસા છે.

કોઈ પણ વ્યક્તિ કે સમાજ વિષે બોલતા બીજી એક અગવડ નડે છે. ગુણો બતાવીએ તો તે ખુશામત કે ઉપરઉપરનો વિવેક મનાય છે; જાણે માણસ દોષો બતાવતી વખતે જ સાચું બોલતો હોય. અને દોષો બતાવવામાં માણસે તટસ્થબુદ્ધિ રાખી હોય તોયે કોઇ એ માને નહિ. મારા જેટલા જૈન મિત્રો છે તેમની ઉદારતા અને સહિષ્ણુતા ઉપર હું મોહિત છું. ચુસ્ત જૈન સમાજમાં તેમની કેટલી પ્રતિષ્ઠા છે તે હું જાણતો નથી; પણ મારે મન તેઓ અહિંસાના સાચા ઉપાસક છે. જૈનોની સંકુચિતતા વિષે મેં ઘણું સાંભળ્યું છે.–દાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે તો તે પોતાની કોમો પૂરતું જ, મદદ કરે તો પોતાની કોમના યુવાનોની કેળવણી માટે જ. ફંડો ઊભા કરે કે છાત્રાલયો ખોલે તોયે તે કોમી લાગણીથી જ. એ વિષે હું તો એટલું જ કહી શકું કે મારો અનુભવ જુદો છે. જે રાષ્ટ્રીય વિદ્યાપીઠમાં હું કામ કરૂં છું તેનું વિશાળ મકાન એક જૈન ગૃહસ્થે બંધાવી આપ્યું છે. બધા ધર્મોના ધર્મગ્રંથોમાંથી અહિંસા શાસ્ત્ર શોધવા માટેની સરસ સગવડ બીજા એક જૈને કરી આપી છે. દેશની દુર્દશાના ઓસડ તરીકે જે ગ્રામસેવાની યોજના અમે હમણાં હમણાં અમલમાં મૂકી છે તેની આર્થિક બાજુનો ભાર પણ એક ઉદાર હૃદયના જૈને જ ઉપાડી લીધો છે. આવા આવા કેટલાયે દાખલા આપી શકાય.

પણ તમે તો કહેશો કે 'દરેક કોમમાં આવા ઉદાર ગૃહસ્થો હોય પણ ખરા; કોમ તરીકે અમારી કંઈક ખામી તો બતાવો.' ખામીઓ બતાવું એટલો નિકટનો હજી મારો પરિચય નથી પણ જે શંકાઓ થઇ છે તે જ અહીં પ્રશ્નરૂપે પૂછી લઉં.

ગુજરાતના જૈનો મોટે ભાગે શહેરમાં રહે છે કે ગામડામાં? જો શહેરમાં જ રહેતા હોય તો તમારે ખૂબ વિચાર કરવો જોઇએ. જૈનો ઘણે ભાગે ખેતી કરતા જ નથી. શું એ વાત સાચી છે? જો સાચી હોય તો એ પરિસ્થિતિ ગંભીર છે એમ મારે કહેવું જોઇએ. તમારે તમારી હસ્તી વિષે અને પ્રતિષ્ઠા વિષે જેટલી કાળજી લેવી જોઇએ તેટલી તમે નથી લેતા એમ મારે કહેવું જોઇએ; એટલું જ નહિ પણ અહિંસાધર્મના પાલનની પૂરતી તૈયારી તમે નથી કરતા એમ પણ હું કહું.

સમાજશાસ્ત્રના અત્યાર સુધીના મારા અભ્યાસ ઉપરથી મેં એક સચોટ નિયમ તારવ્યો છે કે જે કોમે જમીન સાથેનો સીધો સંબંધ રાખ્યો નથી તેણે પોતાનાં મૂળીયાં ઢીલાં કર્યાં છે. એમ હું માનું છું કે જે અનાજ આપણે ખાઇએ છીએ તે કેમ અને કયાં પેદા થાય છે તે આપણે અનુભવથી જાણવું જોઇએ. કેટલેક ઠેકાણે ખેતીમાં થતી હિંસાને કારણે ખેતીથી દૂર રહેવાનું કહેવામાં આવે છે, પણ જૈનો આવી દલીલ ન કરી શકે એમ હું ધારૂં છું, કારણ કે જૈનમતે તો કર્યું, કરાવ્યું અને અનુમોદ્યું એ ત્રણેમાં સરખો દોષ કહેલો છે. જે અનાજ ખાવામાં આવે છે તેને લગતી ખેતીનો દોષ ખાનારાને લાગે જ છે. આમ છતાં પણ તમારો ધર્મ તેમ કરતા તમને ના કહેતો હોય તો હું લાચાર છું. મને તો જે યોગ્ય લાગે તે કહેવું એ મારો ધર્મ છે.

પૈસાદાર થવાના બે જ માર્ગ છે: વેપાર અને લુંટફાટ. વેપારીઓ વેપાર કરે છે અને અઢળક ધન ભેગું કરે છે. સત્તાશાહી લુંટફાટ કરે છે અને ધનના ભંડાર ભરે છે. નબળાને નીચોવે છે અને પશુબળથી રાજ્ય ચલાવે છે. વેપારથી પૈસો આવે છે. પણ જમીન સાથેના સંબંધ સિવાય સમાજમાં સ્થિરતા ન આવે. પૈસો શહેરી ચીજ છે. આપણે શહેરમાં જ રહેવાથી ઘણાએ ગુણો ખોઇ નાખ્યા છે એમાં કંઇ શક નથી. કુદરત સાથેનો સીધો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધ ગામડામાં રહેવાથી જ બંધાઇ શકે છે. જે ગામડામાં રહે છે તે ઋતુના પરિવર્તનો ખુલ્લી હવા, ખુલ્લો તડકો, ટાઢ, તાપ અને વરસાદ, ભવ્ય આકાશ અને પંખીઓનો કલરવ અનુભવી શકે છે. જેને ખેતી કરવી હોય છે તે આકાશ સામે મીટ માંડીને બેસે છે અને રાત્રિના તારા અને દિવસના સૂર્યપ્રકાશ સાથે એકરૂપ બની જીવન વહન કરે છે. આત્મરક્ષક વૃત્તિ કેળવવા માટે પણ ખેતી ખૂબ આવશ્યક છે, કારણ કે ખેડૂતને કુદરતનાં તેમજ પશુપક્ષીઓનાં અનેક આક્રમણો સામે સતત ઝુઝવાનું હોય છે. આ રીતે જ હું કહું છું કે ક્ષત્રિય અને ક્ષત્રિય(ખેડુત)માં હું બહુ ભેદ જોતો નથી. આત્મરક્ષક વૃત્તિ હંમેશાં ગામડાના ખેડૂતોએ જ બતાવી છે. શિવાજીએ અને બારડોલીના ખેડૂતોએ આ વાત પુરવાર કરી છે. જ્યારે You shall yield તારે નમવું જ પડશે એવો સત્તાધારીનો હુકમ નીકળે છે ત્યારે I shall neither break nor bend એવો જવાબ ખેડૂત જ વાળી શકે છે.

આ વિશ્વમાં અહિંસા સમાન બીજો ધર્મ નથી, એ તો તમે અને હું બન્ને માનીએ છીએ. એમ છતાં આ દેહે–આ જીવનમા કોઇપણ મનુષ્યથી અહિંસા સંપૂર્ણપણે અખત્યાર કરવાનું બની શકયું જ નથી અને બને તેમ પણ નથી. આપણા જીવનનો ઉદ્દેશ આપણી ચાલુ પ્રવૃત્તિઓમાંથી હિંસાને બને તેટલી ઓછી કરવાનો જ રહી શકે. એટલે જ્યાંસુધી સંસારપ્રવૃત્તિઓ ચાલ્યાં કરે છે ત્યાંસુધી અહિંસાધર્મીઓએ અહિંસાના પ્રયોગો ચાલુ રાખવા જ રહ્યા. આ જ રીતે ખેતીની અંદર પણ આપણે અહિંસાની કેટલી શકયતા છે તે જોવું જ જોઇએ, કારણ કે ખેતીને જેટલી અહિંસક બનાવી શકશો તેટલી પ્રમાણમાં આખું જગત અહિંસક બનવાનું છે. બહારના જીવનમાં અહિંસાની ગમે તેટલી વાતો કરો પણ જેના વિના જગતને ઘડીભર ચાલતું નથી તે અન્નોપાર્જક ખેતીને વિશદ ન બનાવો ત્યાં-સુધી અહિંસાધર્મ આપણા જીવનના મૂળને સ્પર્શી શકતો નથી. સંન્યાસી સર્વ પ્રવૃતિઓથી દૂર રહીને પોતે મોટો અહિંસક હોવાનો ભલે દાવો કરે પણ એ દાવાની મને બહુ કીંમત નથી. અહિંસાધર્મ જીવતોજાગતો વિશ્વધર્મ છે અને તેની પૂર્ણતાને આપણે કદી પહોંચી શકયા નથી. એ અહિંસાધર્મનો અમલ આપણે હિંસક ગણાતી પ્રવૃત્તિઓથી દૂર જ રહીને અને એમ છતાં પણ તે પ્રવૃત્તિનાં ફળોનો લાભ લઇને કદી કરાવી શકતા જ નથી. આપણો ધર્મ સંસારસ્થિતિ માટે અનિવાર્ય પ્રવૃત્તિઓમાંથી હિંસાના તત્ત્વને બને તેટલું નાબૂદ કરવામાં રહેલો છે. આ બાબત તરફ જૈન ભાઇઓનું ખાસ ધ્યાન ખેંચું છું.

આ રીતે વિચારતાં તો આર્થિક, સામાજિક, રાજકીય, ઔદ્યિક, આરોગ્યની કે છેવટે મોક્ષની દૃષ્ટિએ પણ જૈનસમાજે જમીન સાથેનો સંબંધ કેળવવો જ જોઇએ એમ હું માનું છું. અને જ્યાં સુધી જૈનો તેમ ન કરે ત્યાં સુધી જૈનોની પ્રતિષ્ઠા સ્થિર ભૂમિ ઉપર નથી એમ હું જણાવું છું.

જૈન સમાજ સાથે મને બહુ ઊંડો કે વિસ્તીર્ણ સંબંધ નથી. મને પરિચય છે ઝાડપાન, પશુ અને પંખીઓ સાથે અને જેમની સેવાનો હું સદા લાભ ઉઠાવી રહ્યો છું તેમાંના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક ગરીબ ભાઇઓ સાથે. મારા જીવનની મુખ્ય પ્રવૃત્તિઓ કેળવણી છે. વિદ્યાપીઠ, મારા વિદ્યાર્થીઓ અને હું એ જ મારી દુનિયા છે. આ બધું છતાં મને કેટલાક જૈન-મિત્રો મળ્યા છે. તેઓ બહુ સુંદર, પ્રેમાળ અને પુરા સહિષ્ણુ મળ્યા છે. અને એમનાથી મને તો હંમેશા જૈન સમાજ માટે બહુ ઊંચો ખ્યાલ બંધાયો છે. તે ભાઇઓની તમારામાં કેવી અને કેટલી પ્રતિષ્ઠા છે તેની મને ખબર નથી, પણ મેં તો તેમનામાં ઊંચું જૈનત્વ અને અહિંસક વૃતિ જોયા છે. અહીં અહિંસકતાનો અર્થ હું ઉદાર સહિષ્ણુતા કરૂં છું. અને હું માનું છું કે આ એક જ વસ્તુ એવી છે કે જેની આજની દુનિયાને બહુ જ જરૂર છે. અને જો જૈનો ધારે તો દુનિયાને આપી શકે તેમ છે. આજે તમે દુનિયામાં ચાલતો માંસાહાર અટકાવી શકો તેમ નથી, કારણ કે અત્યારે તો ઊલટો તે બાબતમાં કેટલેક ઠેકાણે બહુ વિચિત્ર પવન વાય છે. જૈન શાસ્ત્રોનું ખૂબ અધ્યયન થાય એટલા માટે જૈન મિત્રો બહુ આતુર હોય છે. કોઈ પણ જૈન પુસ્તક મારે છપાવવું હોય તો તેના પૈસા મેળવવા માટે બહુ મુસ્કેલી પડે તેમ નથી. પણ આજે આપણે તે કરવાનું નથી. આજે તો આપણે દુનિયાની પીડ જાણવાની છે અને તે કેમ દૂર કરવી તેનો ઉપાય સૂચવવાનો છે. આ ઉપાય જૈન ધર્મમાં છે અને જૈન ધર્મનું યોગ્ય નિરૂપણ કરવામાં આવે તો દુનિયા તેમાંથી ઘણું સ્વાસ્થ્ય મેળવી શકે.

આજે હું જ્યારે જૈનો શબ્દ વાપરૂં છું ત્યારે જૈન નામ ધારણ કરનારને હું જૈન ગણું છું એમ નથી. જૈન ભાવના જેઓમાં ઓતપ્રોત થયેલી છે તેને ઉદ્દેશીને હું કહું છું એમ સમજશો. Hindu view of lifeના કર્તા રાધાકૃષ્ણ કહે છે તેમ, હું પણ માનું છું કે ધર્માન્તર કરાવવાનો પ્રયત્ન ન અટકે ત્યાં સુધી જગતમાં શાન્તિ વળવાની નથી. દરેક ધર્મમાં પોતાનો વિકાસ સાધવા માટે પુરતો અવકાશ અને સામગ્રી હોય જ છે. દરેક ધર્મ ઓછેવત્તે અંશે અહિંસાપરાયણ છે અને એટલા પૂરતું તેમાં જૈનત્વ રહેલું જ છે.

મારે તો તમને બે જ સૂચના આપવાની છે. સહિષ્ણુ બનો અને જીવનની જરૂરિયાતો બને તેટલી ઓછી કરો. જ્યાં સુધી તમારી હાજતો ઓછી ન કરો ત્યાં સુધી તમો સાચા અહિંસક બની શકો જ નહિ. આપણું સામાન્ય જીવન જાતજાતના દ્રોહથી ભરેલું છે. ધન સંપત્તિ દ્રોહથી મળી શકે જ નહિ. તમારામાંના થોડાકને તપ જપ કરવાની સગવડ કરી આપો અને બાકીના તમે બધાં કરતાં હો તે કર્યા કરો તેથી અદ્રોહી કે અહિંસક થઇ શકાય જ નહિ.

હિંદુ ધર્મે એક જ વાત કરી છે અને જૈન ધર્મ તેમાં આવી જ જાય છે કે-કોઇ પણ ધર્મ ખોટો છે એમ કહી શકાય જ નહિ અને દરેક ધર્મના સત્યાંશનો આશ્રય લઇને મનુષ્ય પરમ કોટીને પામી શકે છે અને તેથી ધર્માન્તર કરવું તે મિથ્યા છે. આજ વિચારમાં સ્યાદ્વાદ તત્ત્વનો સાર આવી જાય છે. બીજા કહે છે તે તદ્દન ખોટું કહે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ કહેનાર પ્રથમ તો સ્યાદ્‌વાદમૂલક જૈન ધર્મનો જ દ્રોહ કરે છે. આ બરોબર સમજે. આની અંદર જ દુનિયાના દુઃખોની ખરી દવા રહેલી છે.

તમે પૈસા ખરચી પંડિતો ઉત્પન્ન કરશો તેથી તમારું સાહિત્ય પુષ્કળ વધશે પણ તેથી ધર્મ કે જગતનો કશો ઉદ્ધાર નહિ થાય. ગાંધીજીને કેટલાએ લોકો ઉત્તમ જૈન–ઉત્તમ હિન્દુ તરીકે સ્વીકારે છે, તે તેમના પાંડિત્યને લીધે નહિ પણ તેમના ચારિત્ર, અનુભવ તથા તપશ્ચર્યાને લીધે. આજે ગાંધીજી એમ કહે છે કે આમાંનું કેટલુંક સારૂં સારૂં તેમને શ્રીમદ્‌ રાજચંદ્ર પાસેથી મળ્યું છે અને આ રાજચંદ્રમાં પણ અસાધારણ પાંડિત્ય નહોતું પણ તપોમય જીવન અને વિશ્વવ્યાપી વિશાળ ભાવના હતી. આ તમે અખત્યાર કરીને જૈન ધર્મનું જગતને સાચું દર્શન કરાવો, આજે કેટલાક પ્રાશ્ચાત્ય વિચારકો માને છે કે હિંદે પોતાનો સંદેશો જગતને સંભળાવી દીધો છે અને પોતે પોતાના તરફથી ઝીલી લીધો છે. હવે હિંદે કશું દેવાનું નથી. તેને જીવવાનો હવે કશો અધિકાર રહ્યો જ નથી. જો આપણે હવે કશું દેવાનું ન હોય અને આપણે મૃતપ્રાયઃ બની ગયા હોઈએ તો ઉપરનો અભિપ્રાય આપણે સ્વીકારી લઈએ. જો એમ ન હોયતો આપણે આપણામાં પ્રેરણા–ઉત્સાહ–ઓજસ્વિતા અને નવનિર્મિત દાખવીએ, આપણા વારસામાં ઉત્તરોત્તર વધારો કરીએ અને આપણા અસ્તિત્વથી જગતને સમૃદ્ધ અને ગૌરવાન્વિત કરીએ. (‘પ્રસ્થાન’ માંથી)

ઈસ્લામધર્મીઓ દુનિયાના પેગમ્બરોમાં છેલ્લામાં છેલ્લા એમના પેગમ્બર હતા એમ જાહેર કરે છે. આ જૂનાનો આગ્રહ કરવો એ મિથ્યા છે, હાનિકારક છે. જેમાં અભિમાન લેવાનું કારણ ન હોય તેમાં અભિમાન લઈએ અને વસ્તુનું કારણ આપણે પકડતા નથી. વેદ ધર્મમાંથી જૈન ધર્મ નીકળ્યો અને જૈન ધર્મમાંથી બૌદ્ધ ધર્મ નીકળ્યો એમ કહેવાય છે. પણ એમ નથી. બૌદ્ધ ધર્મ કરતાં જૈન ધર્મ ઉત્કૃષ્ટ છે. અત્યારે મળતાં પ્રમાણો અનુસાર ઉપનિષદ્‌ કરતાં જ્ઞાન, કર્મ અને ભક્તિ ને ધર્મનાં ઊંડાં સત્યો છે એ પહેલાં હતાં. એ વખતે જ્ઞાનધર્મ, કર્મધર્મ અને ભક્તિ ધર્મ હતો. જૈન ધર્મ કે ઉપનિષદ્‌ ધર્મ નહોતો.

શ્રી. આનંદશંકર ધ્રુવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લે૦ મુનિશ્રી ન્યાયવિજયજી

# દીવાળી પર્વનું રહસ્ય

**દીવાળી** શબ્દ સાંભળતાની સાથે જ ૨૪૬૪ વર્ષ પૂર્વેની એ કાલરાત્રિનું સહજ સ્મરણ થઇ આવે છે. ભગવાન મહાવીરદેવ પોતાના કેવળજ્ઞાનરૂપી સૂર્યથી ભારતને શોભાવી રહ્યા હતા, તેમનું અપૂર્વ જ્ઞાન ભારતની સંસ્કૃતિમાં અપૂર્વ જ્યોતિ પ્રગટાવી રહ્યું હતું, ભારતની જનતા ભારતના આ સુપુત માટે ગૌરવ અનુભવી રહી હતી, ભારતમાં ફેલાએલ અજ્ઞાનાંધકારને દૂર કરવામાં આ મહાપુરુષનો ભગીરથ ફાળો હતો. અહિંસા, સત્ય, તપ અને સયંમદ્વારા ભારતીય જનતાનું ઉત્થાન થવાનું છે એની ઉદ્‌ઘોષણા કરી મુક્તિનાં દ્વાર પ્રાણીમાત્ર માટે ખુલ્લાં હોવાનું જણાવ્યું હતું. ભગવાન મહાવીરદેવે પ્રરૂપેલી મુક્તિના દ્વાર પ્રાણી માત્ર માટે ખુલ્લાં હતાં. રાગ અને દ્વેષથી સર્વથા રહિત પ્રાણી-ચાહે પછી ભલેને તે સ્ત્રી હો કે પુરુષ હો, શૂદ્ર હો યા બ્રાહ્મણ હો મુક્તિના અધિકારી છે. "**समभाव भावि अप्पा लहइ मोक्खं न संदेहो**" ની જોરશોરથી ઉદ્‌ઘોષણા આ મહાપુરુષે કરી હતી. ત્રીશત્રીશ વર્ષ પર્યંત પોતાના જ્ઞાનસૂર્યથી ભારતને પ્રકાશિત કરી; અહિંસાનો ડિંડિંનાદ વગાડી આસો વદિ ०)) ની રાત્રે આ મહાપુરુષ નિર્વાણ પામ્યા અને સાથે જ જતાં જતાં એક મહોપદેશ દેતા ગયા. તે મહાપુરુષના નિર્વાણથી ભારતની શું દશા થઈ રહી હતી તેનું બ્યાન નીચેના વાકયોમાં મળે છે.

> **प्रसरति मिथ्यात्वतमो गर्जन्ति कुतीर्थिकौशिका अद्य।**
> **दुर्भिक्षडमरवैरादि–राक्षसाः प्रसरमेष्यंति ॥ १ ॥**
> **राहुग्रस्तनिशाकर–मिव गगनं दीपहीनमिव भवनं।**
> **भरतमिदं गतशोभं, त्वया विनाद्य प्रभो! जज्ञे ॥ २ ॥**

આ વાકયો અક્ષરશઃ સત્ય છે

**મહોપદેશ.**

પ્રભુશ્રી મહાવીરદેવ નિર્વાણ પામતાં પામતાં પોતાની દ્વારા જે ઉપદેશ આપી ગયા તે આ પ્રમાણે છે.

**"जप्पभिइं चणं से खुद्दाए भासरासो महागहे दोवाससहस्सट्ठिई समणस्स भगवओ महावीरस्स जम्मणक्खत्तं संकंते, तप्पभिइं चणं समणाणं णिग्गं थाणं णिग्गं थीण यणो उदिए उदिए पूयासक्कारे पवत्तई ॥ १३० ॥**

**जयाणं से खुद्दाए जावजम्मणक्खत्ताओ विइक्कंते भविस्सइ तयाणं समणाणं णिग्गं थाणं णिग्गं थोणय उदिए उदिए पूयाससक्कारे भविस्सइ ॥ १३१ ॥"**

શ્રીકલ્પસૂત્રમાં આવેલાં આ સૂત્રો આપણે દર વર્ષે સાંભળીએ છીએ એટલે એનું વિવેચન નહિં આપું તો પણ ચાલશે, પરન્તુ આ સમયે ઇંદ્રમહારાજે કહેલાં વચનો અને પ્રભુએ આપેલ જવાબ મનન કરવા યોગ્ય છે.

અપાપુરીમાં રાજાની એક લેખનશાળામાં પ્રભુ મહાવીર દેવ ઉપદેશામૃતનો ધોધ વહાવી રહ્યા છે. નિર્વાણ કાલ તદ્દન નજીકમાં જ છે. ભાગ્યશાળી જીવો એ ઉપદેશામૃતનું અતૃપ્ત હૃદયે પાન કરી રહ્યા છે. આ વખતે ઇન્દ્ર મહારાજે પ્રભુ મહાવીર દેવને એક નમ્ર વિનંતિ કરતાં કહ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ! આપના જન્મનક્ષત્ર પર ક્ષુદ્ર ભસ્મરાશિ સંક્રાંત છે જેના પ્રતાપે આપના શાસનના સાધુ-સાધ્વીઓનાં પૂજા, સત્કાર, સન્માન નહિં થાય. યદિ આ સમયે ક્ષણવાર આયુષ્ય વધારો તો હે પ્રભુ! એ ભસ્મરાશિ આપના શાસનને પીડા કરવા–દુઃખ દેવા સમર્થ નહિ થાય.

પ્રભુ—હે શક્ર! આવું કદી નથી બન્યું કે જિનેન્દ્રો, તીર્થંકરો પણ ક્ષીણ આયુષ્યને વધારવાને સમર્થ થાય. આયુષ્ય વધારવા સમર્થ નથી. "માટે અવશ્યંભાવિની તીર્થબાધા જરૂર થશે જ" ખરેખર આ વચનો પ્રાણીમાત્રને માટે બહુ જ ઉપદેશરૂપ છે.

સંસારમાં મરવું કોઇને નથી ગમતું. ગમે તેવો દુઃખી પ્રાણી પણ જીવન પ્યારું ગણે છે. જીવવાને માટે અનેક પ્રયત્નો કરે છે. મૃત્યુના આરે ઊભેલો પ્રાણી જીવવાને માટે અભક્ષ્ય ઔષધો પીએ છે–ખાય છે, ડૉક્ટરો અને વૈદ્યોને બોલાવે છે; પરંતુ રાજીખુશીથી મરવા ઉદ્યુક્ત નથી થતો. અરે પ્રભુનું નામ પણ યાદ નથી આવતું. કુટુમ્બ પરિવારનો મોહ તેને સતાવે છે. જીવનની આશા તેને યાદ આવે છે અને પરલોકમાં જતાં ડરે છે. જીવન માટે મંત્ર, તંત્ર, તાવીજ અને જડીબુટ્ટીઓનો આશ્રય લ્યે છે, પરંતુ ક્ષીણ આયુષ્ય વધારવા કોઈ સમર્થ નથી એનું જ્ઞાન તેને નથી રહેતું. પ્રભુ મહાવીર દેવ કે જેમનું સમસ્ત જીવન ઉપદેશરૂપ છે, જીવનનો એક એક પ્રસંગ આદર્શ ઉપદેશરૂપ છે તેમનો આ અન્તિમ મહોપદેશ યદિ મનુષ્ય જીવનમાં ઉતારે તો અહીં સ્વર્ગલોકની યાદી આવે, પરન્તુ મનુષ્ય કર્મ કરતાં ડરતો નથી. પ્રાણીમાત્રને મૃત્યુ અનિવાર્ય છે તો પછી અહિંસા, સત્ય, સંયમ અને તપથી આ ક્ષણિક જીવનને પવિત્ર બનાવે, પોતાના રાગ અને દ્વેષને ઓછા કરવા પ્રયત્ન કરે અને તેમાં ઇર્ષ્યા, ક્રોધ, લોભ, મોહ, અસૂયા, દુરાગ્રહ આદિને જીતવા પ્રયત્ન કરે. મન, વચન અને કાયાથી શુદ્ધ થઇ પવિત્ર સાદું જીવન વ્યતીત કરે તો જીવનનો ખરો લાભ પ્રાપ્ત કરે. મરતાં ન ડરે, જીર્ણ વસ્ત્ર છોડી નવાં વસ્ત્ર સ્વીકારતાં ન અચકાય પરંતુ આ બધું ક્યારે બને? પ્રભુનો ઉપરનો ઉપદેશ જીવનમાં ઉતારે ત્યારે ને?

દીવાળી પર્વ બધા ઉજવે છે પરન્તુ જીવનને બોધદાયક પ્રભુના ઉપર્યુક્ત વચનો કેટલા યાદ કરે છે? સાચી દીવાળી માત્ર દીવા કરવામાં સમાઇ છે એમ? શું સારું સારું ખાવું, પીવું અને ઓઢવું એમાં જ દિવાળી સમાઇ છે એમ?

એક વાર ભારતીય પ્રખર પુરાતત્ત્વવિદ રા. રા. કે. પી. જાયસવાલ બેરીસ્ટરે કહ્યું હતું કે ભારતે ભગવાન મહાવીરનું જેવું સ્મારક સાચવ્યું છે તેવું બીજું કોઇનું સ્મારક સાચવ્યું નથી. તેઓ દીવાળીને ભગવાન મહાવીરનું સ્મારક કહે છે. દરેક ભારતીય પછી ભલે તે રાજા હોય કે રંક, ગરીબ હો કે તવંગર–બધાયે વિના ભેદભાવે દીવાળી ઉજવે છે. આ વસ્તુ તદ્દન સાચી છે. આમાં ખાસ કરીને જૈનોએ તો પ્રભુ મહાવીર દેવનું સ્મારક એવી અપૂર્વ રીતે ઉજવવું જોઇએ એ કે બીજાઓને દીવાળી પર્વનું યથાર્થ મહાત્મ્યની ખબર પડે.

દીવાળીને દિવસે દઢ પ્રતિજ્ઞા કરવી જોઇએ કે અમે ભગવાન મહાવીરનો ઉપદેશ અને તેમાં યે ખાસ અન્તિમ ઉપદેશ જીવનમાં ઉતારી જીવનને શુદ્ધ એવં પવિત્ર બનાવીશું. અહિંસા, સત્ય, સંયમ અને તપને જીવનમાં ઉતારી સાચા જૈન–સાચા મનુષ્ય બનીશું. અમે સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં

For Private And Personal Use Only

વધુ ને વધુ દૃઢ થઈ, એ રસ્તે ચાલી આત્મદર્શનમાં નિમગ્ન થઇશું અને પ્રાણીમાત્રની સેવા કરી તેમને શુદ્ધ માર્ગે વાળવા પ્રયત્ન કરીશું.

હરેક દીવાળીએ આપણે આપણી પ્રતિજ્ઞાનું ચોક્કસાઈથી બારીક અવલોકન કરી, આપણે આત્મવિકાસના માર્ગે કેટલા આગળ વધ્યા છીએ તેની ખાત્રી કરી, વધુ આગળ વધવા પ્રયત્ન કરવાની પ્રતિજ્ઞા કરવી જોઇએ. આત્મવિકાસના માર્ગમાં વધુ આગળ વધવા ઈચ્છતા મુમુક્ષુએ હું કોણ છું ? કયાંથી આવ્યો છું ? કયાં જવાનો છું ? મેં અદ્યાવધિ શું કર્યું છે અને મારે શું કરવું જરૂરી છે ? વગેરે પ્રશ્નો પૂછી યથાર્થ આત્મસ્વરૂપ વિચારવું જોઇએ. દીવાળી પર્વ તો આત્મિક વિકાસની દીવાળી છે-તેનું પર્વ છે.

## શ્રી ગૌતમસ્વામી

**જૈન સમાજ** દીવાળી પર્વનું સાચું મહાત્મ્ય જીવનમાં ઉતારે એ જરૂરી છે. પ્રભુનો નિર્વાણ-સમય નજીકમાં હતો છતાંયે પોતાના પરમ ભક્તપ્રિય શિષ્યને પ્રભુએ અન્યત્ર ઉપદેશ દેવા મોકલ્યા અને ઉપદેશ આપીને પાછા વળતાં જ્યારે એ શિષ્યરત્ને પ્રભુના નિર્વાણના સમાચાર સાંભળ્યા ત્યારે પ્રથમ તો તેમણે એ વાત સાચી ન માની. જ્યારે ચોક્કસ સમાચાર મળ્યા ત્યારે તેમને પારવાર દુઃખ પણ થયું અને વ્યાકુલ થઈ કહ્યું કે-

**" कस्यांह्रिपीठे प्रणतः पदार्थान्, पुनः पुनः प्रश्नपदीकरोमि।**
**कं वा भदंतेति वदामि को वा, मां गौतमेत्याप्तगिराथ वक्ता ॥**

ત્યાર પછી શોક પણ કર્યો. આખરમાં **વીર વીર** કરતાં યાદ આવ્યું કે વીતરાગ તો સ્નેહ રહિત હોય છે. રાગ અને દ્વેષથી પર હોય છે. મેં જ અપરાધ કર્યો છે. આ રાગ મને ન શોભે. આખરે રાગનું બંધન છોડયું કે કેવલજ્ઞાન પ્રગટયું. આ વસ્તુને જણાવતાં કહેવાયું છે કે—

**मुक्खमग्गपवण्णाणं, सिणेहो वज्जसिंखला ।**
**वीरे जीवंतए जाओ, गोयमो जं न केवली ॥"**

એટલે આ પ્રસંગ પણ આપણને એ જ ઉપદેશ આપે છે કે રાગ અને દ્વેષ છોડો. શ્રીગૌતમ-સ્વામી સંપૂર્ણ દ્વાદશાંગીના જાણકાર, શ્રુતકેવલી પ્રભુશ્રી મહાવીરના પરમ ભક્ત, પ્રથમ શિષ્યરત્ન આ બધું ખરું; પરંતુ રાગની શૃંખલાથી બંધાયેલા હોવાથી આવા ઉત્તમ મહાપુરુષને પણ પ્રભુ જીવતાં જીવતાં કેવલજ્ઞાન ન થયું તે ન જ થયું. આખરમાં પ્રભુના નિર્વાણ પછી જ્યારે રાગની શૃંખલા તૂટી ત્યારે જ કેવલજ્ઞાન પ્રગટયું અર્થાત્ રાગ અને દ્વેષ તો કેવલજ્ઞાનની પ્રાપ્તિમાં બાધક જ છે. એટલે આ દિવાળી પર્વ અને બેસતું વર્ષ : આ દિવસો આપણને જોરશોરથી ઉપદેશ આપે છે કે રાગ અને દ્વેષથી રહિત થશો ત્યારે જ સાચું આત્મકલ્યાણ થવાનું છે. શ્રી જિનવરેન્દ્ર દેવની દ્રવ્ય અને ભાવથી પૂજા કરો, સામાયિક કે પ્રતિક્રમણ કરો, દાન, શિયલ, તપ અને ભાવના આ ચતુર્વિધ ધર્મ પાલો, દેશ-વિરતિ કે સર્વવિરતિ બનો, તીર્થયાત્રા કરો કે ધ્યાન કરો, આ બધાં સાધનોનું શુદ્ધિથી પાલન કરો, પણ રાગ અને દ્વેષ છોડો એ માટે જ આ સાધનો છે, એ યાદ રાખવું જોઇએ. ઉપર્યુક્ત સાધનો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માને હિતકારી છે; એ સાધનોથી જ આપણા રાગ અને દ્વેષ દૂર થશે અને આત્માને સુવિશુદ્ધ કરી મોક્ષ પ્રાપ્ત પણ કરાવશે જ એમાં લગારે સન્દેહ નથી; માટે આ પર્વમાં પ્રભુપ્રરૂપિત ધર્મસાધનો દ્વારા આત્મકલ્યાણમાં વધુ ને વધુ પ્રવૃત્ત થવું એ જ ફલ છે.

## ઇતિહાસ

આ સાથે જ આ રાત્રે ઇન્દ્રમહારાજે કહેલું કે આ ભસ્મગ્રહના પ્રતાપે બે હજાર વર્ષ પર્યંત આપનું શાસન પીડાશે. અન્યત્ર ઉલ્લેખ મળે છે કે ચાલણીની માફક શાસન ચળાશે, પરન્તુ ૨૧૦૦૦ એકવીશ હજાર વર્ષ પર્યંત શ્રીવીર પ્રભુનું શાસન અખંડિત ચાલશે.

આ વચનો તદ્દન સાચાં પડયાં છે. અવિભક્ત શ્રી વીરશાસનમાં આ બે હજાર વર્ષોમાં અનેક મતો, સંપ્રદાયો, ફાંટા, વાડા નીકળ્યાં છે. સાત અથવા નવ નિહ્નવોએ તો જૈન શાસન ડોળી માર્યું. શ્રી શંકરાચાર્ય જેવાએ જૈન ધર્મને ઉખેડી નાખવા આકાશપાતાળ એક કર્યાં અને બીજા ઘણાએ અન્ય મતવાદીઓએ જિનશાસન ઉપર ભયંકર ફટકા માર્યા છે; છતાંયે શ્રી વીરશાસન અખંડરૂપે ચાલ્યું આવે છે. અનેક ગચ્છો અને મતોએ પણ શ્રી વીરશાસનના ભાગલા પાડવામાં કચાશ નથી રાખી. સોળમી શતાબ્દિમાં પણ અનેક નાના મોટા મતો નીકળ્યા છે તેમાં વિ. સં. ૧૫૩૦ માં લોંકાશાહે જૈન શાસન ઉપર ભંયકર ફટકો માર્યો ઇસ્લામી સંસ્કૃતિના ગાઢા રંગથી રંગાઇ તેમણે અમૂર્તિપૂજક સંપ્રદાય ચલાવ્યો. પ્રભુના નિર્વાણનું આ બરાબર ૨૦૦૦ મું વર્ષ હતું. ત્યારપછી વીર નિ. સં. ૨૦૧૭ માં વિ. સં. ૧૫૪૭ માં શ્રી આણંદવિમલસૂરિ જેવા પ્રતાપી મહાપુરુષનો જન્મ થયો. વી.નિ. સં. ૨૦૨૨ માં અર્થાત્ પાંચ વર્ષની નાની ઉમ્મરે તેમણે દીક્ષા–ભાગવતી દીક્ષા લીધી. વીર નિ. સં. ૨૦૪૦ વિ. સં. ૧૫૭૦ માં તેમને સૂરિપદ મળ્યું. તેવીસ વર્ષના આ નવયુવાન સાધુએ જિન-શાસનની જુમ્મેદારી પોતાને શિરે ઉઠાવી અને ઉગ્ર વિહાર કરી, સત્ય માર્ગની પ્રરૂપણા કરી, કાળબળને અંગે શિથિલ થતી સાધુ સંસ્થાનો પુનરુધ્ધાર કર્યો અને વી. નિ. સં. ૨૦૫૨માં વિ. સં. ૧૫૮૨માં ગુરુઆજ્ઞાપૂર્વક ક્રિયોદ્ધાર કરી શુદ્ધ સાધુમાર્ગની જ્વલંત જ્યોતિ પ્રગટાવી અને જગદ્દગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી અને તાર્કિકશિરોમણી મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ જેવા મહાપુરુષોની જનની શ્રમણ સંસ્થાને સ્થિર કરી. સેંકડો ગૃહસ્થ, કુલવાન, ખાનદાન, ગૃહસ્થોના પુત્રોએ સંસારબંધન છોડી તેમની પાસે સાધુપણું સ્વીકાર્યું અને જૈન શાસનની ખૂબ ખૂબ પ્રભાવના થઇ. દીવાળીની રાત્રે ઇંદ્રના વચનો યાદ આવતાં આ ઇતિહાસ પણ યાદ આવી જાય છે, અને ઘણો બોધ આપે છે. આજની સાધુ સંસ્થા, આજના જૈન સંઘ આ મહાપુરુષને બે હજાર વર્ષ પછી જિનશાસનની મહાન સેવા કરનાર આ મહાપુરુષને કદી પણ નહિં જ ભૂલે.

પ્રભુ મહાવીર દેવના સુપુત્રો! દીવાળી કેવી રીતે ઉજવશો ? સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં દઢ બની, રાગ અને દ્વેષથી પર બનવાની કોશીષ કરજો અને સાથે જ પ્રભુ મહાવીર દેવના વચનો જીવ-નમાં ઉતારો, જીવન શુદ્ધ બનાવી સાચા આર્હતોપાસક બનજો. નવા વર્ષની બોણીમાં અહિંસા, સંયમ, સત્ય અને તપને સ્વીકારો જીવનમાં મંગલ દીપાવલી પ્રગટાવજો એ જ દીવાળી પર્વનું રહસ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞા નો પા સ ના

જ્ઞાનને ઉપાસીએ,
　　જ્ઞાનને ઉપાસીએ;
ચાલો ઉલ્લાસથી,
　　જ્ઞાનને ઉપાસીએ....ધ્રુવપદ.... ૧.

જ્ઞાન-ભાનુતણા કિરણો પ્રસારીને,
　　તેજોના અંબાર ભરીએ....ચાલો૦ જ્ઞાન૦
અનાદિના ગાઢ અંતરે છુપાયલા,
　　મોહના તિમિરો ભેદીએ....ચાલો૦ જ્ઞાન૦ ૨.

જ્ઞાનની ચારુ ચાંદનીમાં ન્હાઈને,
　　ચિત્ત ચકોર રીઝાવીએ....ચાલો૦ જ્ઞાન૦
જ્ઞાનપીયૂષનું પાન કરી પ્રેમથી,
　　પરમામૃત પદ પામીએ....ચાલો૦ જ્ઞાન૦ ૩.

આવો અગાધ અને આવો વિશાલ જે,
　　જ્ઞાનનો દરીઓ દેખીએ....ચાલો૦ જ્ઞાન૦
ભુજાબલે તેનો પાર કેમ પામીએ?
　　સદ્ગુરુ નાવ જો ન સેવીએ ?....ચાલો૦ જ્ઞાન૦ ૪.

જ્ઞાન વિના ક્રિયા આંધળી,-ક્રિયા વિના,
　　જ્ઞાન તો પાંગળું લેખીએ....ચાલો૦ જ્ઞાન૦
ધર્મરથ કેમ એક ચક્રે ચલાવીએ ?
　　એક પાંખે કેમ ઊડીએ ?....ચાલો૦ જ્ઞાન૦ ૫.

જ્ઞાનીજનો દ્વારા એકઠો કરાયલો,
　　જ્ઞાનખજાનો લૂંટીએ....ચાલો૦ જ્ઞાન૦
ફાલ્યાફૂલેલા જ્ઞાનકેરા બાગના,
　　પુષ્પો સુગંધી ચુંટીએ....ચાલો૦ જ્ઞાન૦ ૬.

વિદ્યાભ્યાસંગવંત વિદ્વાનવૃંદને,
　　ઉત્તેજીએ બહુમાનીએ....ચાલો૦ જ્ઞાન૦
શિક્ષિત જ્યાં સર્વ નર અને નારીઓ,
　　એવો સમાજ સરજાવીએ....ચાલો૦ જ્ઞાન૦ ૭.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેતાં ખૂટે નહિં, લેતાં ખૂટે નહિં,
જ્ઞાન અક્ષયનિધિ માનીએ....ચાલો૦ જ્ઞાન૦
ચોર્યું ચોરાય નહિં, લૂંટયું લુંટાય નહિં,
જ્ઞાન નિર્ભય ધન જાણીએ....ચાલો૦ જ્ઞાન૦ ૮.

વિદ્યામંદિરવડે વિદ્યા વધારીએ,
વણિક્‌વિદ્યા નવ ધારીએ....ચાલો૦ જ્ઞાન૦
જ્ઞાન પ્રકાશીએ, જ્ઞાન પ્રચારીએ,
વૈશ્યવૃત્તિથી ન વેચીએ....ચાલો૦ જ્ઞાન૦ ૯.

જ્ઞાનભંડારના ગ્રંથરત્ન શોધીને,
વિશ્વપ્રકાશમાં આણીએ....ચાલો૦ જ્ઞાન૦
છૂટે હાથે કરી જ્ઞાનની પ્રભાવના,
ધન્ય આત્માને જાણીએ....ચાલો૦ જ્ઞાન૦ ૧૦.

જ્ઞાનની પરબ જેવા ગ્રંથાલયો કરી,
જ્ઞાનપિપાસા છિપાવીએ....ચાલો૦ જ્ઞાન૦
સંસ્કારધામ સમી સંસ્થાઓ જ્ઞાનની,
સ્થાને સ્થાને સંસ્થાપીએ....ચાલો૦ જ્ઞાન૦ ૧૧

જ્ઞાનને આરાધીએ, જ્ઞાન ના વિરાધીએ,
નાંહિ તો ઊંડા ભવજલ બૂડીએ....ચાલો૦ જ્ઞાન૦
જ્ઞાનને વંદીએ, જ્ઞાન ન નિંદીએ,
નાંહિ તો દુઃખના કંદો ઉછેરીએ....ચાલો૦ જ્ઞાન૦ ૧૨.

લોકને પ્રકાશતી, અંતરે ઉલાસતી,
જાગતી જ્યોત જગાવીએ....ચાલો૦ જ્ઞાન૦
ભવાંધકૂપમાંહી પડતાં બચાવવા,
જ્ઞાનદીપક કર ગ્રહીએ....ચાલો૦ જ્ઞાન૦ ૧૩.

દીપને ઉપાસતાં દીપરૂપ પામતી,
વાટ જગતમાં દેખીએ....ચાલો૦ જ્ઞાન૦
જ્ઞાનને ઉપાસતાં જ્ઞાનમય રૂપને,
**મનોનંદન** તેમ લેખીએ....ચાલો૦ જ્ઞાન૦ ૧૪.

**ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘર ઘર પ્રગટો દિવાલી

ચોવીસ ચોસઠ વર્ષો પૂર્વે
ઊજવી જગતે દિવાલી
એ દિન શ્રીવીર મોક્ષ પધાર્યા
ધન્ય દિન તે દિવાલી ૧

વીરની આખર વાણી વહંતી
આશ્વિન અમાસ-દિવાલી
પાવાપુરીમાં પ્રગટી ત્યારે
પર્વ દિન તે દિવાલી ૨

જ્ઞાન-રવિના વિરહે સૌએ
ઊજવી ત્યારે દિવાલી
દ્રવ્ય દીપથી યાદી આપે
પુણ્ય દિન તે દિવાલી ૩

દીપાવલીના દ્વિતીય પ્રભાતે
ગૌતમ જ્ઞાનની દિવાલી
મોહ તિમિરને દૂર કરંતી
ધન્ય દિન તે દિવાલી ૪

જે ગૃહમાં સુખ શાંતિ વર્તે
સદા ય ત્યાં તો દિવાલી
ઘર-ઘરમાંહી એવી પ્રગટો
નિત્ય જગતમાં દિવાલી ૫

બાલ શિશુગણ જે ઘર ખેલે
બાલજગતની દિવાલી
સંપતણા જ્યાં મધુર સરોદા
ઊઠે, ત્યાં પણ દિવાલી ૬

ભારત ભાગ્યવિધાતા ગાંધી
જન્મદિન એ દિવાલી
ભારત સ્વાધીન બનશે તે દિ'
ભારતભરની દિવાલી ૭

હિન્દ-રવિનું 'ગ્રહણ' થયું છે
છૂટે, ત્યારે દિવાલી
જગમાં શાંતિ પ્રગટે તે દિન
રાજ-કાજમાં દિવાલી ૮

લેખક : રાજપાળ મગનલાલ વ્હોરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હા....ટ....ડી....

લેખક—
મુનિશ્રી દર્શનવિજયજી

ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનાં સ્મરણો કૃતજ્ઞ આર્યાવર્તે અનેક રીતે સંભાળી રાખ્યા છે.

એ સૌ કોઇ જાણે છે કે દિવાળીનું પર્વ ભગવાન્ શ્રી મહાવીરસ્વામીના ઉપકારનું પ્રતીક છે. તેને અંગે પ્રત્યેક વર્ષમાં વિપુલ વિચારણા સાથે ભિન્ન ભિન્ન લેખો લખાય છે.

આ ઉપરાંત એ નિર્વાણના આખરી પ્રસંગને તાજો કરતો બીજો એક વિધિ હિન્દુસ્તાનના ઘણા ભાગમાં ઉજવાય છે, જેનું અર્વાચીન નામ છે હાટડીની સ્થાપના. તેનો ઇતિહાસ નીચે મુજબ છે.

ભગવાન્ શ્રી મહાવીરસ્વામી વિહાર કરતાં કરતાં પાવાપુરી પધાર્યા અને ત્યાં અંતિમ ચોમાસું કર્યું.

આસો વદિ ચતુર્દશીની સવારથી આસો વદિ અમાસની રાત્રિના છેલ્લા પહોર સુધી અર્થાત્ સોળ પહોર સુધી ભગવાને સમવસરણમાં બેસી જગતના કલ્યાણ માટે એકધારી દેશના આપી અને કાર્તિક સુદિ ૧ના સૂર્યોદયને બે ઘડીથી અધિક સમય બાકી હતો ત્યારે સર્વાર્થસિદ્ધ મુહૂર્તમાં નિર્વાણ પામ્યા.

દેવોએ દીપમાળ પ્રકટાવી અને એક સપાટ ભૂમિમાં ભગવાનના શરીરનો અગ્નિસંસ્કાર કર્યો. ભગવાનના શરીરની દાઢાઓ, હાડકાં તથા રાખ લઈ લીધાં. મનુષ્યોએ પણ દેવોનું અનુકરણ કર્યું. પરિણામે ત્યાં મોટો ખાડો તૈયાર થયો અને રાજા નંદિવર્ધને તે ખાડાને રીતસર ખોદાવી, તળાવ બનાવી, તેની મધ્યમાં ભગવાનનું દહેરાસર બનાવ્યું.

પાવાપુરીમાં ઉપરના ચોમાસાના સ્થાને જિનમંદિર, સમવસરણના સ્થાને સ્તૂપ અને નિર્વાણના સ્થાને જળમંદિર વિદ્યમાન છે. જૈનો દિવાળીના દિવસે એ પુનિત સ્થાનોમાં ભગવાન શ્રી મહાવીરસ્વામીનાં દર્શન-પૂજન કરી પોતાના જીવનને સફળ બનાવે છે.

ઉત્તર હિન્દ તથા પૂર્વ હિન્દના હિન્દુઓ એ નિર્વાણ ઉત્સવને પોતાને ઘેર પણ મનાવે છે. તેઓ આસો વદિ બારસ કે તેરસના દિવસે પોતાના ઘરમાં સમવસરણની સ્થાપના કરે છે.

આ સમવસરણ કેટલાએક ઘરોમાં તો વંશપરંપરાથી સુરક્ષિત માટીનું કે લાકડાનું હોય છે. કોઇ વર્ષે વર્ષે નવું બનાવે છે. કોઇ કોઇ સ્થાને તો સાકરનાં રમકડાંની જેમ સાકરનું સમવસરણ પણ બનાવાય છે. તેનો આકાર ચોખંડ અને ગોળ એમ બન્ને રીતે હોય છે-તિગડા અને નાંદને મળતો પણ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધ ભૂમિમાં ગાર કરી, સારી ચોકી સ્થાપી તેની ઉપર ઉત્તર અને પૂર્વ દિશાના હિસાબે એ સમવસરણને ગોઠવે છે. તેની ચારે બાજુ પ્રદક્ષિણા જેટલી જગ્યા રાખે છે. મોટું સમવસરણ હોય તો સમવસરણની અંદર ચાર કોડીયાના દીવા કરે છે અને નાનું સમવસરણ હોય તો પ્રવેશ દ્વારમાં અથવા સામે જ ચાર દીવા રાખે છે અને સમવસરણની ઉપર એક દીવો કરે છે.

આ ચાર દીવા તે ચતુર્મુખ ભગવાનનું પ્રતીક છે. ઉપરનો દીવો તે સિદ્ધદશાનો સૂચક છે.

તેઓ આ સમવસરણવાળા કમરાને સજાવી રાખે છે. સમવસરણનું માન કરે છે, અદબ રાખે છે, વિવિધ રીતે પૂજા ઉપચાર કરે છે અને બ્રહ્મચર્ય પાળે છે.

આ સહેતુક વિધિ કાયમ રહી છે, પણ વખત જતાં અને જૈન ધર્મનો પરિચય ઓછો થતાં તેનું નામ બદલી ગયું છે. કોઇ કોઈ ભાઇયો તેને પ્રભુનું ઘર માને છે, કોઇ લક્ષ્મીનું ઘર માને છે અને કોઇ તો તેને હાટડી કહીને બોલાવે છે.

આ સમવસરણને ત્રણ ચાર દિવસ રાખે છે. પછી સારો દિવસ, સારું મુહૂર્ત જોઇ ઉઠાવી લ્યે છે.

સમવસરણની આટલી સુંદર નકલ આ તરફના અજૈન આર્યો ઊભી કરે છે.

અજૈનો પણ ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણને આ રીતે ઉજવે છે. એને અનુલક્ષીને જૈનાચાર્યોએ પણ તેઓને અને જૈનોને જુદા ન પડવા દેવા માટે દિવાળીનો તિથિનિર્ણય પણ સ્વતંત્ર રીતે જુદો આદેશ્યો છે.

વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજાએ " **श्रीवीरज्ञाननिर्वाणं कार्यं लोकानुगैरिह** " થી લૌકિક દિવાળી એ જૈનોને દિવાળી માનવાને જે ફરમાવ્યું છે તે ઉપરની વસ્તુ જાણ્યા પછી સહેતુક છે એમ માનવું પડે છે.

અદ્યપિ ગુજરાતના અજૈનોમાં હાલ દર્શાવેલ હાટડીનો રિવાજ નથી, કિન્તુ કલ્પના થાય છે કે શાક્ત સંપ્રદાયના જન્મ પછી એ તિથિ અને એ હાટડીનું સ્થાન આસો સુદિ નોમ અને ગરબીએ લીધું હશે. ગરબીનો ઇતિહાસ શોધતાં આ વસ્તુ ઉપર વિશેષ પ્રકાશ પડશે એમ લાગે છે.

દિગમ્બર જૈનો પણ ભગવાન મહાવીરસ્વામીનું નિર્વાણ એક દિવસ પહેલાં માને છે, પણ તેને કેટલાએક નાની દીવાળી કહી બીજા દિવસને એટલે અમાસને મોટી દિવાળી તરીકે માને છે. અર્થાત્ એ તિથિ પ્રત્યે સૌ કોઇને પૂજ્યભાવ છે.

ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણને અંગે આર્યાવર્તે આવા આવા સ્મરણો રાખ્યા છે, તેથી જ આર્યાવર્ત કૃતજ્ઞ છે, કૃતાર્થ છે.

જય હો એ ભગવાન શ્રી મહાવીરના શાસનનો !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'મહાવીર નિર્વાણ'

લે૦ આ૦ શ્રી વિજયકસ્તુરસૂરિ

સાગરોપમોની નહિં, પલ્યોપમોની નહિં અને લાખો વર્ષોની પણ નહિં. આ, હમણાંની જ વાત છે; તો પણ તેને ૨૪૬૪ વર્ષ વીતી ગયાં. આ જ ભારતવર્ષમાં જીવિત દિવ્યરશ્મિ પ્રકાશતો હતો. અનેક સચેતનોએ એ પ્રકાશથી પ્રકાશ મેળવ્યો, જડના આશ્રિત અનેક નિશ્ચેતનો વંચિત રહી ગયા. પ્રકાશના પ્રતિસ્પર્ધી ઘૂકો વિચારચક્ષુ મીંચી દઈને અજ્ઞાનતાના ભોંયરામાં પેસી ગયા છતાં ય એ અદ્વિતીય પ્રકાશે ભારતવર્ષમાંથી અજ્ઞાનતિમિરનું માર્જન કરીને ઘણોખરો પ્રદેશ પ્રકાશિત કર્યો. એ જીવિત દિવ્યરશ્મિ કોણ ? ચરમ તીર્થંકર પ્રભુ શ્રી **મહાવીર.**

ક્ષત્રિયકુંડ નગરના શાસનકર્તા સિદ્ધાર્થ ક્ષત્રિયના કૂળરૂપ નભસ્તલમાં આ દિવ્યરશ્મિનો ઉદય થયો ત્યારે સર્વ પ્રકારે વૃદ્ધિને પામેલા જ્ઞાત ક્ષત્રિયે પોતાના સ્વજન સંબંધી મેળાપક સમક્ષ એ ચરમશરીરીને વર્ધમાન કહીને બોલાવ્યા અને ઓળખાવ્યા, પરંતુ અતુલ, અનન્ય સાધારણ બળ-વીર્ય—પરાક્રમશાલી દેવેંદ્રે પોતાની સભામાં કરેલી અચિંત્ય શક્તિની કથાનો અવિશ્વાસી દેવેંદ્રની સભાનો એક સભ્ય દેવ આ આત્મિક શક્તિના વિકાસની પરીક્ષા કરે છે; પણ છેવટે પોતાના અવિશ્વાસને દૂર કરીને એ નમી પડે છે ત્યારે દેવેંદ્ર ખુશી થઈને શ્રમણ ભગવાન મહાવીરના નામથી સંબોધે છે ત્યારથી એ વર્ધમાન પ્રભુને સમગ્ર સંસાર **મહાવીર**ના નામથી ઓળખે છે અને એ જ નામ આત્મવિકાસ માટે વાપરે છે.

એ પરમ કૃપાળુ દ્રવ્ય અને ભાવ દયાના સાગર, વિશ્વના દ્રવ્ય દારિદ્રય—દાવાનળને વાર્ષિક દાનની વૃષ્ટિથી ઓલવી નાંખે છે, અને પછી ભવવાસિયોનું ભાવ દારિદ્રય ભેદવાને બાર વર્ષ સુધી મૌન રહીને દેવેંદ્રે સંબોધેલા ગુણનિષ્પન્ન મહાવીરના નામને ચરિતાર્થ કરે છે. અનાદિઅનંત સંસારનો સમ્રાટ, અનંત આત્માઓની ભાવવિભૂતિ લૂંટી લઈને તેમને પોતાની આણમાં વર્તાવનાર, મહામોહની અનેક પ્રકારની કનડગત હોવા છતાં મહાવીરતાથી અંતે તેનો પરાજય કરી, પોતાની ભાવવિભૂતિ પાછી મેળવીને સ્વતંત્રપણે સ્વસંપત્તિ તરિકે અનેક ભવ્યાત્માઓને વિતરણ કરે છે. ભાવશત્રુને હંફાવી પોતાની ભાવવિભૂતિ પાછી મેળવવા, અને પોતાના અનુભવોને આગળ કરીને ભવ્યાત્માઓને જાગૃત કરી સ્વતંત્ર બનાવવા અથકપણે બોધ કરે છે.

એ વિકાસી આત્માનો અંતિમ પ્રવાસ હતો, અંતિમ ધર્મતીર્થ સ્થાપવાનું હતું અને અંતિમ શરીર હતું. એ મહાવીર નામના દેહમાં, એ આત્માએ પરમોચ્ચ દશા પ્રાપ્ત કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરાવરણ બનીને શુદ્ધ સ્વરૂપ મેળવ્યું. સર્વ શુદ્ધ આત્માના સંયોગથી એ શરીર દેવેંદ્રોને પણ પરમપૂજ્ય બન્યું.

એ દિવ્યરશ્મિ—સંસારમાં ફરીને અનુદય થવાપણે—અસ્ત થવાનો હતો–સંસાર માંથી છેલ્લી વિદાય લેવાની હતી. એ હેતુથી, અનંતા કાળથી અનંતા ભવવાસિયોની સાથે અનેક પ્રકારના શરીરોમાં, અનેક પ્રકારના સંબંધોમાં રહીને અનેક પ્રકારની અણજાણ દશાઓમાં કરેલા અનેક પ્રકારના અપરાધોની ક્ષમા માગી, અને અન્ય જીવોથી થયેલા અપરાધોની ક્ષમા આપી, જેઓની ઇચ્છા વૈરનો બદલો ક્ષમાથી નહીં પણ વૈરથી લેવાની હતી તેઓના કરેલા અનુકૂળ તથા પ્રતિકૂળ ઉપસર્ગોનો પ્રતિકાર કરવાને સમર્થ હોવા છતાં પણ અદીનપણે ખુશી થઇને સહન કર્યા અને તેઓના ઋણથી મુક્ત થયા.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પુદ્ગલપરાવર્તનોની અવધિ સમાપ્ત થઇ ગઇ હતી; પૌદ્ગલિક સંબંધોથી સર્વથા મુક્તિ મેળવવાની હતી; સંસારવાસિયોથી સદાસર્વદાને માટે વિયોગી થવાના હતા અને સંપૂર્ણ આવરણોથી અલગ થઇને અનંત જ્ઞાન, દર્શન, જીવન અને સુખ આદિ નિજ સ્વરૂપના પરિપૂર્ણ વિકાસી થઇ ચૂકયા હતા તે સમયે ચરમ શરીરથી છૂટા થયા, કર્મ અને સંસારના અનાદિ સંભોગથી મુક્તિ મેળવી નિર્વાણ પામ્યા.

સંસારની ચાર ગતિમાં વસવાવાળા વૈક્રિય તથા ઔદારિક દેહધારિયોનો દેહવિભોગ ચ્યવન તથા મરણના સંકેતથી ઓળખાય છે વૈક્રિય શરીરવાળાના દેહવિયોગને ચ્યવન અને ઔદારિક શરીરવાળાના દેહવિયોગને મરણ પ્રાયઃ કહેવામાં આવે છે. આ ચ્યવન અને મરણ ફરીને દેહધારી થવાવાળા સંસારવાસી જીવોના દેહવિયોગને આશ્રયીને જ કહેવાય છે. બાકી તો તીર્થંકરનામકર્મ નિકાચન કરીને કેવળી થયેલા તથા સામાન્ય કેવળી થયેલા ચરમશરીરીઓનો દેહવિયોગ અંતિમ હોવાથી નિર્વાણના સંકેતથી ઓળખાય છે; માટે પ્રભુ શ્રી મહાવીર દેવગત થયા, મરણ પામ્યા કે ચ્યવ્યા એમ ન કહી શકાય; પણ નિર્વાણ પામ્યા કહી શકાય.

પ્રભુના પાંચ કલ્યાણકોમાંથી નિર્વાણ, અંતિમ કલ્યાણક કહેવાય છે. કલ્યાણક એટલે સુખદ સમય. પ્રભુના ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળ આ ચાર કલ્યાણકો તો વિશ્વવાસી ભવ્ય જીવોને સુખદ નિવડયાં, પણ અંતિમ નિર્વાણ કલ્યાણક પ્રભુના ઉપર ઉત્કટ રાગ રાખનાર પરમ ભકતોને માટે દુઃખદ નિવડયું. પ્રભુના નિર્વાણ પામવાથી દેવેંદ્ર-નરેંદ્ર આદિ ભવ્ય પ્રાણીવર્ગ શોકસાગરમાં ડૂબી ગયો. પ્રભુના જ્યેષ્ઠ અંતેવાસી શ્રી ઇંદ્રભૂતિ અણગારે પ્રભુનો વિયોગ થવાથી પ્રભુ ઉપરના રાગના આવેશથી અતિશય વિલાપ કર્યો: હે પ્રભો! આપ જીવિત દિવ્યરશ્મિના અસ્ત થવાથી ભારતવર્ષમાં સર્વત્ર સ્થળે અજ્ઞાન-તમ છવાઇ ગયું. હવે તીર્થાંતરીય ઘૂકોની ગર્જનાથી ભારતવર્ષ ગુંજી ઊઠશે, ઉત્પાતો અને ઉપદ્રવોથી ભારતવર્ષ સીદાસે વિગેરે વિગેરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનો આત્મવિકાસ સાધવા અદ્વિતીય સહાયકના વિયોગથી અથવા તો નિરવધિ પ્રભુ પ્રત્યે પ્રશસ્ત રાગ હોવાથી ભવવાસિયોને પ્રભુના નિર્વાણનો પ્રસંગ ભલે દુઃખદાયી નિવડયો હોય; પરંતુ તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો પ્રભુના પાંચે કલ્યાણુક જીવમાત્રને સુખકારી જ છે. દીક્ષા, કેવળ અને નિર્વાણુના સાધનભૂત શરીરમાં અવધિજ્ઞાન અને તીર્થંકર-નામકર્મ સહિત અવતર્યા માટે દેવગતિમાંથી ચ્યવન કલ્યાણુક કહેવાયું. બાકીના દેવોનું ચ્યવન-ચ્યવીને મનુષ્ય દેહમાં અવતરી અનેક દેહ ધારણુ કરવાના હો અથવા તો તે જ દેહમાં મુક્તિ મેળવી ચરમશરીરી થવાના હો કે તીર્થેશના દેહમાં ઉત્પન્ન થવાના હો-કલ્યાણુક કહેવાતું નથી; કારણુ કે તીર્થંકરનામકર્મવાળા જ દેવો અથવા નારકીઓ ચ્યવીને જે માનવદેહમાં અવતરે છે ત્યાં તીર્થ સ્થાપે છે અને ધર્મનો પ્રચાર કરે છે. બાકીના સામાન્ય કેવળીયો તીર્થ સ્થાપતા નથી, તેમજ સઘળા ય ઉપદેશ આપતા નથી. એટલા માટે તેમનામાં ઘણા ભેદો છે પણુ તીર્થંકરોમાં કાંઇ પણુ ભેદ હોતો નથી. કેવળજ્ઞાન મેળવ્યા પછી સઘળાની એક સરખી પ્રવૃતિ હોય છે.

પ્રભુનો જન્મ ભવ્યાત્માઓને તે સમયે અને ભાવીમાં આત્મહિત સાધવામાં કારણુભૂત હોવાથી ચ્યવન, પછી જન્મ કલ્યાણુક કહેવાય છે, ત્યારપછી ભવ્યાત્માઓને ચારિત્રમાર્ગના દર્શક અને કેવળજ્ઞાન મેળવવાને અચૂક ઉપાયસૂચક હોવાથી દીક્ષા કલ્યાણુક અને પછી કર્મજન્ય અનેક પ્રકારના સંતાપોથી સંતપ્ત થયેલા ભવ્ય સંસારને ઉપદેશદ્વારા જાગૃત કરી પરમ શાંતિસ્વરૂપ મુક્તિની વાટે વાળ્યા માટે કેવળજ્ઞાન કલ્યાણુક અને અંતે સર્વસંગથી મુકાઇ નિર્વાણુ પામ્યા તે ભવ્યાત્માઓને શુદ્ધ સ્વરૂપના સંપૂર્ણ વિકાસનું બોધક હોવાથી નિર્વાણુ પણુ કલ્યાણુક તરીકે કહેવાયું. આ પ્રમાણે પ્રભુની પાંચે અવસ્થા ઉત્તરોત્તર ક્રમિક આત્મવિકાસવાળી હોવાથી અને ભવવાસી ભવ્યજીવોને ક્રમિક આત્મિકવિકાસની બોધક અને સહાયક હોવાથી એકાંતિક, આત્યંતિક સુખદપણે કલ્યાણુક તરીકે કહેવાઈ છે.

અદ્યપિ નિર્વાણુ પછી સંપૂર્ણ વિકાસવાળી સિદ્ધાવસ્થામાં પ્રભુની સાદિઅનંત સ્થિરતા ભવ્ય સંસારને શોકપ્રદ હોય જ નહીં, અત્યંત હર્ષપ્રદ જ હોય છે; છતાં વિશ્વના સાચા હિતૈષી અને નિષ્કારણુ બંધુનો હમેશનો વિયોગ પ્રશસ્ત રાગી ભવ્યાત્માઓને અસહ્ય થઇ પડવાથી વિયોગસ્વરૂપ નિર્વાણુ શોકનું કારણુ બન્યું. જો નિર્વાણુ સુખદ અને હર્ષનો હેતુ ન હોઇને કેવળ શોકનું જ કારણુ હોત તો શ્રી ગૌતમ પ્રભુને શોકના અંતે પ્રાપ્ત થયેલ કેવળજ્ઞાનનું કારણુ ન બનત.

જેમ દીપકના પાત્રમાંથી તેલ અને બત્તી બંને સર્વથા બળી જાય છે ત્યારે દીપક સર્વથા બુઝાઇ જાય છે, નિર્વાણુ પામી જાય છે તેમ કાર્મણુ તૈજસ શરીરરૂપે તેલ અને આયુષ્ય કર્મના ઉદયરૂપ બત્તી સર્વથા બળી જવાથી એ શાસનનાયક પરમકૃપાળુ શ્રી મહાવીર પ્રભુ સંસારમાં ફરીને ન અવતરવારૂપ નિર્વાણુ પામ્યા. જેઓ, એ પરમોચ્ચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માના અલૌકિક પરમપૂજ્ય દિવ્ય દેહના દર્શન કરીને પરમશાંતિનું પાત્ર બન્યા નથી અને એ વિકાસનાં વિકારનાશક વચનોમાંથી એક પણ વચન શ્રીમુખે સાંભળવારૂપ સદ્‌ભાગ્યને ભેટયા નથી તેવા આ વર્તમાન કાળના ભવવાસિયો માટે તો પ્રભુ નિર્વાણનો દિવસ કેવળ શોકપ્રદ જ ગણાય, અને એ હેતુથી શોચસૂચક પ્રવૃતિ આદરી નિર્વાણ દિન પાળવો જોઇએ.

## गुरुमहिमा

तुम जीव कोई अवतारी हो मेरे वल्लभ गुरु उपकारी हो.
तू बालापन में जोग लिया घर मात पिता को छोड दिया
संसार से नाता तोड़ दिया तुम योगी और ब्रह्मचारी हो।
कलिकालकल्पतरु कहलाये अज्ञानतिमिरहर मन भाये
हम धन्य हुए दर्शन पाये तुम ज्ञान शील भंडारी हो।
तुम योगी कोई निराले हो निज आन के जो मतवाले हो
गुरु नाम पै मिटनेवाले हो गुरु नाम पै तुम बलिहारी हो।
संसार का सचमुच वल्लभ है भरा प्रेम से दिल जो छलाछल है
तूमेरी मस्जिद मकतब है तुम मंदिर और पूजारी हो।
श्री संघ पैते की छाया रहे कल्पो तक तेरी काया रहे
चरणों में दिल यह लुभाया रहे तुम काम के तारणहारी हो।

---

## गुरुस्तुति

मेरी अरजी गुरुजी निभानी पड़ेगी यह मोहनी सी सूरत दिखानी पड़ेगी
जलाती है हम को यह पापों की अग्नि वह उपदेश–जल से बुझानी पड़ेगी
मुहब्बत का रस्ता जो भूले हैं भाई उन्हें प्रेम शिक्षा सिखानी पड़ेगी
खिवैया तुम्ही हो पकड़ लेना बइया मेरी पार नैया लगानी पड़ेगी
यह वल्लभ ही आतम का पट्टधर है अच्छा उन्हें आके गर्दन झुकानी पड़ेगी
उसे सौंपा था आतमने अबकुछ कहानी यह सच्ची सुनानी पड़ेगी

—×—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સું૦ ભા૦ પિં૦ ત૦ વ૦ ચ૦ ના૦ મૂ૦ તો૦

સંગ્રાહક સ્વ૦ સ. ક. વિ. મહારાજ

( ગત વર્ષના ૧૧ અંકનાં પૃષ્ઠ ૨૭૮ થી ચાલુ )

૪૫. જીવ જ્યારે ભોગના સંયોગોમાં પણ યોગ સાચવવા ( સાધવા ) સમર્થ થાય છે ત્યારે જ સાચો યોગી બની શકે છે.

૪૬. જેના નિશ્ચયની ઇમારતને આશા ડગાવી શકે નહિ અથવા દ્વેષનો પવન તેની અખંડ શાંતિને વાંધો લાવે નહીં તે જ ખરો મનુષ્ય છે અને તે જ માનવજાતને હિતકર્તા થઇ શકે છે.

૪૭. વિધાતા પાસે શાણામાં શાણો પુરુષ ફક્ત સાદાઇ, નમ્રતા, શૌર્ય અને પ્રમાણિકતા સિવાય બીજું કાંઇ માગતો નથી, માગવાનું પસંદ કરતો નથી.

૪૮. જ્યારે સત્તા અને પ્રશંસા માટે બીજાઓ ખુશામત ને આજીજી કરતા હોય ત્યારે સાચા સત્યપ્રેમી પોતાના સત્યના રક્ષણ માટે ત્રિલોકના રાજ્યને પણ તુચ્છ ગણે છે.

૪૯. ખરો જ્ઞાની અને બહાદુર એ જ છે કે જ્યારે બીજાઓ ધર્માજ્ઞાનો ભંગ કરીને પણ પૈસો અને કીર્તિ પ્રાપ્ત કરતા હોય ત્યારે પોતે એ અપ્રસિદ્ધ અવસ્થામાં રહી મૌનપૂર્વક પોતાનું કર્તવ્ય બજાવતો હોય.

૫૦. વીર પુરુષોનું ભૂષણ એ જ છે કે તેમણે પોતાનું સ્વરૂપ ખુલ્લું કરવું, અને પોતાના દોષ દર્શાવી લોકનિંદા સહન કરવી અને પોતે જેવા હોય તેવા જ દેખાવું; જરા પણ કૃત્રિમતા કરવી નહિં.

૫૧. જો તમે આ જગતરૂપી કુતરાના ભસવાથી ડરશો તો લોકો તમારા ઉપર કુતરાની જેમ તૂટી પડશે અને જો તમે નિર્ભયતાપૂર્વક ઊભા રહેશો તો તેઓ ભસતા અટકી જશે અને કદાચ તેના તરફ રોટલાનો ટુકડો ફેંકશો તો તેઓ તુરતજ તમારા પગ ચાટવા માંડશે.

૫૨. બળવાનમાં બળવાન માણસ જેવી રીતે કોઇક બાબતમાં દુર્બળ હોય છે તેવી રીતે કાયરમાં કાયર માણસ પણ કોઇક બાબતમાં બહાદુર હોય છે.

૫૩. સિંહની જેમ દઢતાપૂર્વક પોતાના પગ પર ઊભા રહેવાને બદલે બે મોઢે દ્વિઅર્થી બોલીને દાવપેચથી લોકાપવાદમાંથી છૂટી જવું તેના જેવું કાયરપણું બીજું એકે ય નથી.

૫૪. હિંમત એજ વિજય છે અને ભીરુતા એ જ પરાજય છે. કોઇ પણ કાર્ય કરવામાં સંશય હોય તો ફત્તેહ મેળવી શકાતી નથી.

૫૫. સાચો વીર ( સાધુ ) એ જ છે કે જે જીવનસંગ્રામમાં હિંમત અને આનંદપૂર્વક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગળ વધે છે અને જો જરૂર પડે તો પોતાની ઉપર આવતા અનેક સંકટોને શાંતિ અને ધીરજથી સહે છે.

૫૬. કાયર માણસો સત્યથી દૂર જવા છતાં પણ નિરુત્સાહ અને શંકાશીલ રહે છે, જ્યારે બહાદુર માણસ સત્યના પંથને પોતાના ભોગે પણ છોડતો નથી જ.

૫૭. બહાદુર માણસો લોહચુંબક જેવી અસર કરે છે અને પોતાની આસપાસનું વાતાવરણ ઉચ્ચતાનું બનાવે છે. આવા માણસોને જ પોતાનો જાન આપતાં પણ પાછા ન હઠે તેવા અનુયાયીઓ મળે છે.

૫૮. જો તમારામાં હિંમત હશે તો તમારો જીવનપ્રવાહ સંપૂર્ણ બદલાઇ જશે. શાણા પુરુષો સાહસથી મુશ્કેલીઓ જીતે છે અને આળસુ તેમજ મૂર્ખ માણસો સંકટને–જોખમને જોતાં જ થરથર કંપી, શિથિલ થઇ મરણને શરણ થાય છે.

૫૯. લોકો તમારે માટે ગમે તેમ ધારે તો પણ તમે જેને સદસદ્‌વિવેક બુદ્ધિથી સત્કાર્ય ધારતા હો તેને મૂકી દેશો નહીં.–તે વખતે નિંદા અગર તો સ્તુતિની સ્પૃહા રાખશો નહિ.

૬૦. પૈસા અગર તો જગતની કોઇ પણ વસ્તુ કરતાં આપણું રક્ત વધારે કીમતી છે અને જગત ઉદારતા કરતા હિંમતની કીંમત વધારે આંકે છે; માટે પ્રાણાંતે પણ સત્કાર્ય કરવા ચૂકશો નહિ.

૬૧. કોઇ પણ નવી આદત પાડવી તેના કરતાં પડેલી આદતને છોડવી એ ઘણું જ કઠીનમાં કઠીન કામ છે.

૬૨. પાપ તરફ નજર કરતાં પહેલા જ સાવધાન રહેવું ને અટકી જવું જોઇએ, કારણ કે આપણે જેમ જેમ તેની તરફ નજર કરીએ છીએ તેમ તેમ તે આપણને અધિક સારું લાગતું જાય છે અને છેવટે અધોગતિમાં લઇ જાય છે.

૬૩ પરોપકારથી પુન્યનું અને પરને પીડા ઉપજાવવાથી પાપનું પોષણ થાય છે, એમ સમજી હિતમાર્ગે સંચરો.

૬૪. સ્વગુણની રક્ષણાતે ધર્મ અને સ્વગુણવિધ્વંસતાને અધર્મ લેખી નિજ ગુણની રક્ષા અને પુષ્ટિ બને તેટલી કરો.

૬૫. અલ્પ જીવનમાં સાવધાન બની ખૂબ કમાણી કરી લ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સાહિત્યનો પ્રચાર કઈ રીતે વિકસે?

ભારતના કોઇ પણ ધર્મ સંપ્રદાયમાં રચાયેલ સાહિત્ય કરતાં જૈન સમાજમાં રચાયેલું સાહિત્ય ઘણા મોટા પ્રમાણમાં છે એમ કોઇને પણ નિઃસંકોચપણે કબૂલવું પડે તેમ છે. જૈનાચાર્યોએ એવો કોઇપણ વિષય તેમની કલમમાંથી બાદ રાખ્યો નથી કે જે વિષે આપણે અન્યત્ર ખોળ કરવાની જરૂર પડે, પરંતુ ખેદની વાત છે કે રચાયેલ એ સર્વ સાહિત્ય પ્રત્યે જૈનસમાજનો ઔદાસિન્યભાવ અથવા ઉપેક્ષાબુદ્ધિ સાફ દેખાઇ આવે છે એ કમનસીબી ઓછી નથી.

ન્યાય, વ્યાકરણ, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, જ્યોતિષ, વૈદ્યક, કાવ્ય, દર્શન, મિમાંસા ઈત્યાદિ સર્વ વિષયો પરત્વે તલસ્પર્શી લેખન કરીને આપણા પૂર્વજો પોતાના જ્ઞાનનો એ અપૂર્વ વારસો આપણને સુપ્રત કરતા ગયા છે પણ અતિ ખેદની વાત છે કે-એ સર્વ ગ્રંથો આજે જૂના ભંડારોમાં શોભારૂપ અને કયાંઇક તો ભારરૂપ અથવા ઉધઇના ખોરાકરૂપ બનતા જોવાય છે. આપણી આ બેદરકારી કેટલી વિનાશક છે?

આપણે જ્ઞાનપૂજનમાં તો ખાસ માનનારા છીએ, અને તેની યાદી માટે પ્રતિવર્ષે જ્ઞાનપંચમીની શાસ્ત્રીય યોજના આપણને ઊંઘ ઊડાડવા સૂચવે છે. માત્ર જ્ઞાનની એક જ દિવસ સ્તવના કરવાથી જ્ઞાનોદ્ધાર કે આત્મોદ્ધાર થઇ શકતો નથી, પરંતુ જ્ઞાનોદ્ધાર એ જૈન સમાજનું જીવનકાર્ય બનવું જોઇએ. એમ થશે ત્યારે જ જ્ઞાનપંચમીની સ્તવના સફળ નીવડશે.

નવું ઉત્પાદન ન બને અથવા અલ્પ બને તો વાંધા જેવું નથી, પણ જે છે તેને તો પ્રકાશમાં ન લાવી શકીએ તો એ અપૂર્વ વારસા માટે આપણી યોગ્યતા જ ટકી શકતી નથી એ સ્પષ્ટ સત્ય છે.

આ મુદ્રણયુગમાં જૈન સાહિત્યના એ અણમોલ રત્નોને આપણે ખૂબ પ્રસરાવી શકીએ તેવો સુંદર યોગ છે. હા, એટલું ખરું કે-તેને માટે આત્મભોગ આપનાર કોઈ વિરલો નીકળશે ત્યારે જ એ કાર્ય યથાર્થ રીતે બની શકશે.

તે કાર્યાર્થે અર્થની મુખ્ય જરૂર પડે તે સ્વાભાવિક છે. વિદ્વાનોની પણ આવશ્યકતા હોય જ-એ બન્ને જૈન સમાજમાં નથી એમ તો કોણ કહી શકશે? પ્રતિવર્ષે જૈનોના લાખો દ્રવ્યનો વ્યય થાય છે એ જોઇ શકાય છે. સારા વિદ્વાન લેખકો-સંશોધકો વિગેરેનો પણ યોગ છે. માત્ર દ્રવ્યવ્યયની દિશા બદલાય અને વિદ્વદ્ગણ આ વાતને લક્ષ પર લ્યે તો જૈન સાહિત્યોદ્ધાર મુશ્કેલ નથી. આનો અર્થ એ નથી કે હમણાં એવું કાર્ય નથી બનતું-કેટલાક વિદ્વાનો અને કેટલીક સંસ્થાઓ દ્વારા સાહિત્ય વિષયક સુંદર કાર્ય થાય છે, પણ વિશિષ્ટ યોગના અભાવે મંદગતિ છે એ સત્ય વાત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ પણ કાર્ય માટે આજે પ્રચાર એ મુખ્ય સાધન છે. કહેવાય પણ છે કે–" બોલે તેના બોર વેચાય." અને તેથી તો જોઇએ છીએ કે–ખ્રીસ્તી ધર્મની ચોપડીઓ ત્રણ પાઇની નજીવી કિંમતે સ્ટેશને મળે તેવો પ્રબંધ જોઈ શકાય છે. જૈન સમાજે પણ એ પદ્ધતિએ કામ લેવાની જરૂર છે. જૈન શાસનના સિદ્ધાંતોનો ખૂબ પ્રચાર થાય એ અતિ આવશ્યક કર્તવ્ય છે પણ તેને માટે જૈન સમાજમાંથી કોઈ " ભિક્ષુ અખંડાનંદ " પાકવાની જરૂર છે. જૈન સાહિત્યપ્રકાશક સંસ્થાઓમાંથી કોઈ એકાદે " સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય " નું રૂપ ધારવાની આવશ્યકતા છે. જ્યારે એવો યોગ બનશે ત્યારે હજારો નહીં પણ લાખોની પુસ્તકસંખ્યા લોકોને ઘેર ઘેર પહોંચશે. વ્યાપારી વૃત્તિને તો એ કાર્યમાં તિલાંજલી જ દેવી ઘટે છે. એટલું સસ્તું દેવા છતાં આખરે તો થોડે નફે બહોળા વ્યાપારની જેમ બન્ને રીતે લાભ જ થવાનો છે. સસ્તા સાહિત્યનું દષ્ટાંત તે માટે નજર સન્મુખ છે. ગીતાની લાખો નકલો તેણે બે બે કે ત્રણ ત્રણ આને વ્હેંચી છે. રામાયણ, મહાભારત કે આર્ય ભિષક જેવા દળદાર ગ્રંથો તે સંસ્થાએ અતિ સસ્તામાં આપીને અપૂર્વ લોકસેવા અને સાહિત્યસેવા બજાવી છે. લોકોના હૃદયમાં એ રીતે તેણે સ્થાન પ્રાપ્ત કર્યું છે. બસ, એ પદ્ધતિએ જૈન સમાજમાં કાર્ય થશે ત્યારે ભગવાન મહાવીરના ઝળહળતા સિદ્ધાંતોને જગવ્યાપી બનતાં વાર નહીં લાગે—ત્યારે જૈન સાહિત્યનો ઉત્કર્ષ પણ દૂર નહીં હોય.

લે૦ રાજપાળ મગનલાલ વ્હોરા

---

બ્રાહ્મણ ધર્મમાં જ્ઞાન અને કર્મ બન્ને છે. જ્ઞાન એટલે વસ્તુ જાણવી, જોવી અને આચરણમાં ઉતારવી એ સામાન્ય અર્થ. જ્ઞાન, દર્શન, ચારિત્ર એમ બતાવવામાં આવે છે. ગુરુ આગમમાં શ્રદ્ધા અને સાક્ષી છૂટું પાડીને ચારિત્ર્ય ઘડવું. જ્ઞાન હોય પણ ચારિત્ર્ય ન હોય એમ બને છે. દર્શન અને જ્ઞાનવડે ચારિત્ર્ય ઘડવું જોઇએ. ઘણી વસ્તુઓ અમુક ચીજને પોષવા માટે કરવી પડે છે. એમ જ આ વ્રતો વગેરે છે. આંબાનું રક્ષણ કરવા માટે વાડની જરૂર છે. એ જ રીતે કર્મની કેટલીક યોજના શાસ્ત્રકારોએ કરી છે. તેમાં બુદ્ધિનો વિલાસ નહિ પણ મનુષ્યને એ માર્ગે ચઢાવવા માટે એ યોજના કરવામાં આવી છે; તેથી જ્યાં સુધી આખો આત્મા એમાં ન જાય ત્યાં સુધી ધર્મનું આચરણ ન થાય.

શ્રી. આનંદશંકર ધ્રુવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી હેમચંદ્રાચાર્યવિરચિત સાહિત્યની રૂપરેખા

લેખક:-મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ

नृपतिप्रतिबोधिन्या, यद्गिरा सुधयामराः ।
जज्ञिरे पशवोऽपि, श्रीहेमसूरिं महेम तम् ॥

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય અને તેમના સાહિત્ય પરત્વે પૂર્વકાલમાં વિદ્વાનોની કેટલી અભિરુચિ અને સન્માનબુદ્ધિ હતી, એ જાણવા માટે સાહિત્યના કોઇપણ અંગને હાથ ધરો તો તરત જ જણાઇ આવશે. વ્યાકરણ, કાવ્ય, કોશ, અલંકાર, નાટક, પિંગલ વિગેરે દરેક વિષયના ગ્રંથોની ટીકાઓ તરફ નજર ફેરવશો તો इति हैमः, उक्तं च हैमानेकार्थे, तथा चोक्तमभिधानचिन्तामणौ, એવા એવા ઉલ્લેખો જરૂર દૃષ્ટિતળે તરવરશે, છતાં આધુનિક વિદ્વાનોનું આ તરફ જોઇતા પ્રમાણમાં લક્ષ્ય દોરાયું નથી, એ આશ્ચર્યની વાત છે.

ત્રિષષ્ટિશલાકાપુરૂષચરિત્ર-વીતરાગસ્તવ વિગેરે ગ્રંથો સિવાય અન્ય કૃતિઓ કેવળ સંસ્કૃત-પ્રાકૃત વાઙ્મયના વિકાસ માટે હોઇ સર્વદેશીય છે. પોતાની તલસ્પર્શી કુશાગ્રીય બુદ્ધિથી માત્ર લોકકલ્યાણાર્થે રચેલ હોવાથી સરલ-સુબોધ અને પુરાતન અનેક શાસ્ત્રોના દોહનરૂપ છે. એમના વ્યાકરણ માટે ઉચ્ચારેલ એક કાવ્ય અત્રે યાદ આવે છે—

भ्रातः ! संवृणु पाणिनीप्रलपितं का तंत्रकंथा वृथा ।
मा कार्षीः कटु शाकटा यत्र वचः क्षुद्रेण चान्द्रेण किम् ? ॥
किं कण्ठाभरणाभिर्बठरयत्यात्मानमन्यैरपि ।
श्रूयन्ते यदि तावदर्थमधुराः श्रीसिद्धहेमोक्तयः ॥

એમની પ્રથમ કૃતિ સિદ્ધહૈમશબ્દાનુશાસન છે, જે સિદ્ધરાજ જયસિંહે કરેલા માળવાધીશ યશોવર્માના જય પછી સિદ્ધરાજની પ્રાર્થનાથી રચવામાં આવેલ છે. યશોવર્માના પિતા પરમાર નરવર્માનો રાજ્યકાળ ૧૧૯૦ સુધીનો મનાય છે. ત્યારપછી ગાદીએ આવેલા યશોવર્માએ વિ. સં. ૧૧૯૨ના માગશર વદિ ત્રીજના રોજ કોઇને જમીનનું દાન કર્યું હતું એમ ડો. જી. બુલ્હર હેમચંદ્રાચાર્યના જીવનચરિત્રમાં પૃ. ૩૩ પર ઉલ્લેખ કરે છે તેથી તે તે સમયે માલવાનો સ્વતંત્ર રાજા હતો એમ નિશ્ચય થાય છે. તે દાનના પ્રસંગ પછી તરત સિદ્ધરાજે જય મેળવી પાટણમાં પ્રવેશ કર્યો હતો એમ માનીએ તો માલવા જીતવું, પાટણમાં પ્રવેશ અને વિજયોત્સવ એ સર્વે કાર્ય લગભગ વિ. સં. ૧૧૯૨ સુધીમાં પતી ગયું હોવું જોઇએ; કારણ કે સં. ૧૧૯૪ના એક શિલાલેખમાં સિદ્ધરાજને માળવાનો રાજા તરીકે લખેલો છે, તેથી અનુમાન થાય છે કે—સં. ૧૧૯૨માં વિજય મેળવ્યા પછી નિવૃત્ત થયેલા સિદ્ધરાજની પ્રાર્થનાથી શરૂઆત કરી હોય અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રબંધ કોશના લખવા મુજબ એક વર્ષમાં વ્યાકરણ પૂર્ણ કર્યું હોય તો વિ. સં. ૧૧૯૩ સુધી સિદ્ધહેમનો રચનાકાળ સંભવે.

સિદ્ધહેમશબ્દાનુશાસન રચવાના કારણ માટે પ્રભાવક ચરિત્રકાર જણાવે છે કે– " માળવાના ભંડારમાંથી લાવેલાં ગ્રંથો તપાસતાં ભોજ વ્યાકરણ જોઈ સિદ્ધરાજ જયસિંહે પૂછ્યું કે આ કયો ગ્રંથ છે? હેમાચાર્યે કહ્યું કે આ ભોજરાજાએ બનાવેલ વ્યાકરણ છે. તે ઉપરથી સિદ્ધરાજને નવીન વ્યાકરણ રચાવવાની ઉત્કંઠા જાગી. સભા સમક્ષ નજર ફેરવી. અન્ય વિદ્વાનોને મૌન ધારણ કરેલા જોઇ હેમચંદ્રાચાર્યે કાર્ય આરંભવા માટે ઇચ્છા દર્શાવી અને તે માટે સાધનો પૂરા પાડવા સિદ્ધરાજને કહ્યું. કાર્ય ફતેહમંદ નિવડ્યું." હેમાચંદ્રાચાર્ય પોતે નીચે મુજબ કારણ સૂચવે છે--

तेनातिविस्तृतदुरागविप्रकीर्ण, शब्दानुशासनसमूहकदर्थितेन ।
अभ्यर्थितो निरवमं विधिवद् व्यधत्त, शब्दानुशासनमिदं मुनिहेमचन्द्रः ॥३५॥

આ વ્યાકરણમાં સાત અધ્યાય સુધી સંસ્કૃત વ્યાકરણ આપેલ છે અને અષ્ટમાધ્યાયમાં પ્રાકૃત, માગધી, સૌરસેની, પિશાચી, ચૂલપિશાચિકી અને અપભ્રંશ ભાષાઓને અંગેનાં સૂત્રો યોજેલાં છે.

સંસ્કૃત વ્યાકરણ ઉપર સ્વોપજ્ઞ બે વૃત્તિઓ છે જેમાં ૬૦૦૦ શ્લોકપ્રમાણ લઘુવૃત્તિ અને ૧૮૦૦૦ શ્લોકસંખ્યાવાળી બૃહદ્વૃત્તિ છે. હેમાચાર્ય પોતે ત્રિષષ્ટિશલાકાપુરૂષ ચરિત્રને અંતે કુમારપાળના મુખે નીચેના શબ્દો ઉચ્ચારાવે છે--

" पूर्वं पूर्वजसिद्धराजनृपतेर्भक्तिस्पृशो याञ्चया
साङ्गं व्याकरणं सवृत्ति सुगमं चक्रुर्भवन्तः पुरा ॥ "

આ ઉપરથી વૃત્તિની રચના પણ સિદ્ધરાજના સમયમાં જ થઇ હોવી જોઇએ. સિદ્ધરાજનો વિક્રમ સંવત ૧૧૯૯ માં સ્વર્ગવાસ થયો હતો તેથી તે પૂર્વેના વર્ષોમાં (૯૪ થી ૯૮ લગભગમાં)જ સંભવે. બન્ને ટીકાઓની બબે આવૃત્તિઓ છપાઇ ગએલ છે.

ટીકામાં પ્રસંગોપાત જયસિંહના વિજય સંબંધીના ઉલ્લેખો ટાંકેલાં નજરે પડે છે. તે ઉપરાંત ગ્રંથના અંતે આપેલી ૩૫ પદ્યની પ્રશસ્તિ પણ ઇતિહાસ ઉપર સારો પ્રકાશ ફેંકે છે.

બૃહદ્વૃત્તિના પ્રત્યેક શબ્દો ઉપર અત્યંત ગંભીર અને વિદ્વદ્ગમ્ય બૃહન્યાસ પણ એમણે પોતે જ બનાવેલ છે. આનું પ્રમાણ નેવું હજાર શ્લોક જેટલું મનાય છે. એનો રચનાકાલ ચોક્કસ કહી શકાય તેમ નથી છતાં सविशेषमाख्यातं वाक्यम् ( ૧–૧–૨૬ )ના બૃહન્યાસમાં यदाह स्वोपज्ञालङ्कारचूडामणौ આ પ્રમાણે ઉલ્લેખ આવે છે તેથી કાવ્યાનુશાસન ( અલંકારચૂડામણિ ) બાદ એની રચના થઇ એ ચોક્કસ છે. (ચાલુ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## શ્રી ઉમેદ પાર્શ્વનાથ જૈન બાલાશ્રમ

આચાર્યમહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા અને ઇચ્છા મુજબ તેઓશ્રીના શિષ્ય શ્રી વિજયલલિતસૂરિજી મહારાજના ઉપદેશ અને પ્રયત્નવડે ઉમેદપુર(મારવાડ) માં શ્રી ઉમેદ પાર્શ્વનાથ જૈન બાલાશ્રમ ( કેળવણીની સંસ્થા ) આઠ વર્ષોથી સ્થાપન થયેલ છે જેમાં ધાર્મિક અને સ્કુલ કેળવણી લેતાં હાલ ૧૪૦) વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ત્યાં હાલમાં નવું જિનાલય તૈયાર થયેલ છે તેમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૭૩ ઇંચની સુંદર ભવ્ય પ્રતિમા બિરાજમાન છે. બીજા પચીશ જિન બિંબો બિરાજમાન છે. આ તૈયાર થયેલ જિનાલયમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા આવતી સાલના માગશર શુદ ૧૦ના રોજ વિધિવિધાનપૂર્વક થવાની છે. અધ્યાત્મયોગી શ્રી શાંતિસૂરીશ્વરજી મહારાજ તથા અન્ય મુનિ મહારાજાઓ પણ આ માંગલિક પ્રસંગે હાજરી આપશે.

અત્રે બિરાજતાં શ્રી વિજયલલિતસૂરિજી મહારાજ તથા મુનિરાજશ્રી વિક્રમવિજયજી મહારાજ પર્યુષણ કરવા કરજી ગામ કે જ્યાં જૈનોની ત્રણશેં ઘરની વસ્તી છે અને ગામ અહિંથી ત્રણ માઇલ આવેલું છે ત્યાં ગયા હતા. અહિં આચાર્ય મહારાજના ઉપદેશવડે એક જૈન કન્યાશાળા સ્થાપવાની યોજના થઇ છે અને તેના ચાર વર્ષના ખર્ચનો પણ પ્રબંધ થઈ ગયો છે.

---

## ચાતુર્માસ માટે વિનંતિ.

એ તો સૌ કોઇને સુવિદિત જ છે કે પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય સ્વનામધન્ય જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મહારાજ ૧૪ વર્ષ પછી પંજાબ પધારવાથી પંજાબની જૈન સમાજમાં ઘણી-ખરી જાગૃતિ આવી ગઇ છે અને આવતી જાય છે. ધાર્મિક કાર્યોમાં સારી પેઠે ઉત્તેજના મલી રહેલી છે.

આવા પરમોપકારી સુવિહિત આચાર્યગુરૂદેવની સેવા ભક્તિ કરવા તેમજ ઉપદેશામૃતનું પાન કરવા પ્રાયઃ બધા ગ્રામ નગરોના જૈનો લાલાયિત રહે એ સ્વાભાવિક છે, કિંતુ આ શુભ અવસર ચાતુર્માસ વિના મળવો મુશ્કેલ છે. થોડાં દિવસોમાં ભાવિકોને તૃપ્તિ થતી જ નથી. આ વર્ષના ચાતર્માસને પૂર્ણ થવાને થોડા દિવસો બાકી રહેલ હોવાથી અને વિહારના દિવસો નજીક આવતા હોવાથી જુદા જુદા ગ્રામનગરોના શ્રીસંઘોની પ્રેમ અને ભક્તિપૂર્ણ વિનંતીઓ આવી રહી છે કે આવતું ચોમાસું અમારા ક્ષેત્રમાં થાય. અમારી આશા સફળ થાય. લાભ મળે હમણાં ગઈ કાલેજ (આસો સુદિ ૨) ગુજરાંવાલા શ્રી સંઘના આગેવાનો અને ચાલીશ પચાશ સદ્ગૃહસ્થો અંબાલા શહરમાં પધાર્યા. વ્યાખ્યાનનો લાભ લઇ વ્યાખ્યાનસભામાંજ સર્વે બંધુઓ ઊભા થઇ, બન્ને હાથ જોડી નમ્રતા-પૂર્વક વિનંતિ કરી કે આવતું ચોમાસું અમારા ગુજરાંવાલા શહેરમાં થાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્ય આચાર્ય મહારાજે સાધુધર્મના આચાર પ્રમાણે આશ્વાસન આપતાં ફરમાવ્યું કે સ્વર્ગવાસી શ્રીગુરુદેવની પૂનિત ભૂમિના દર્શન કરવાની ઉત્સુકતા અમારે પણ છે અને શ્રી આત્માનંદ જૈનગુરુકુલ ત્યાં હોવાથી આવવાનું તો છે જ પણ સઢોરા અને બડેગી આદિના દેવમંદિરોની પ્રતિષ્ઠા કરાવવાની હોવાથી પહેલાં ત્યાં જવું પડશે. પ્રતિષ્ઠા કરાવ્યા પછી જ્ઞાની મહારાજે જોયું હશે અને ક્ષેત્રસ્પર્શના હશે તેમ બનશે.

આ યુક્તિયુક્ત યોગ્ય જવાબથી ગુજરાંવાલા શ્રી સંઘ ખુશી થયો અને જયનાદોથી ઉપાશ્રયને ગજાવી દીધો. શ્રીફળોની પ્રભાવના કરી.

## આચાર્ય શ્રી કમળસૂરીશ્વરજી મહારાજની જયંતી.

આસો શુદિ ૧૦ ને મંગળવારના રોજ આચાર્ય મહારાજની સ્વર્ગવાસતીથી હોવાથી શ્રી જૈન આત્માનંદ સભા તરફથી જયંતી ઉજવવામાં આવી હતી. સવારમાં મોટા જીનાલયમાં શ્રી નવપદજીની પૂજા ભાવનાપૂર્વક ભણાવવામાં આવી હતી અને બપોરના સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

## શેઠ શ્રી કાંતિલાલભાઇ ઇશ્વરલાલની કેળવણી ઉત્તેજનાર્થે વધુ સખાવત.

શ્રી મુંબઇ—માંગરોળ જૈન કન્યાશાળાના વિકાસ માટે થોડા વખત પહેલાં શેઠશ્રી કાંતિલાલ ઇશ્વરલાલે રૂપીયા સાઠ હજારની જાહેર કરેલ સખાવત હજુ તાજી જ છે, તેવામાં આ જ સંસ્થાના વિકાસ માટે તેઓએ રૂપીયા પચાસ હજારની વધુ સખાવત જાહેર કરી છે.

શેઠશ્રી તરફથી જાહેર કરેલ સખાવતને અંગે મુંબઇ માંગરોળ જૈન કન્યાશાળાના સાથે એમના ધર્મપત્ની શ્રીમતી શકુંતલા બેનનું નામ જોડવામાં આવ્યું છે. આ કન્યાશાળા માત્ર મીડલ સ્કુલના રૂપમાં જ ન રહે પરંતુ જૈન હાઈસ્કુલના રૂપમાં ફેરવી નાંખવા માટે આ સખાવત કરેલ છે. કેળવણીના ઉત્તેજનાર્થે તેને લક્ષીને જ શેઠ કાંતિલાલભાઇ લાખો રૂપીયા બ્હોળા હાથે ઉદારતાપૂર્વક આપે છે. સુકૃતની લક્ષ્મીનું સાર્થક આ રીતે કરે છે. મુંબઇ શહેરમાં જૈનબાળાઓ માટે શિક્ષણ માટે જોઇએ તેવી શાળા ન હતી. તે શેઠ કાંતિલાલભાઇની આ બાદશાહી સખાવતે પૂરી પાડી છે, તે માટે શેઠશ્રી કાંતિલાલભાઇ અને શ્રીમતી શકુંતલા બ્હેનને ધન્યવાદ આપીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જીવનચરિત્ર

## ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોકપ્રમાણ મૂળ પાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને સુંદર ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઈન્ડીંગથી તૈયાર કરી પ્રકટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો જૈન સમાજ અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, તેથી આ પ્રભુનાં જીવનચરિત્રનું મનનપૂર્વક વાંચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ. વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

**લખોઃ-શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને ભેટ.

નીચેના ત્રણ ગ્રંથો તૈયાર થાય છે. તૈયાર થયે ચાલતા ધોરણ પ્રમાણે કારતક શુદ ૧૫ થી મોકલવામાં આવશે.

૧ **શ્રી મહાવીર જીવનચરિત્ર** ( સચિત્ર ) છસેંહ પાનાનો દલદાર ગ્રંથ રૂા. ૩-૦-૦

૨ **શ્રી આત્મકાન્તિ પ્રકાશ**—પૂજ્ય પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજનાં ભક્તિરસભર્યાં વિવિધ સ્તવનો ( જેમાં મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા ઉત્તમ ભોજકની કૃતિઓનો સમાવેશ થાય છે. વેચાણ માટે સીલક નથી )

૩. **" મહામેઘવાહન જૈન રાજા ખારવેલ "** પ્રાચીન ઐતિહાસિક જાણવા જેવી હકીકતપૂર્વક ગ્રંથ.

**જલ્દી મંગાવો** **ઘણી થોડી નકલો છે.** **જલ્દી મંગાવો.**

## શ્રી ત્રિષષ્ઠિશલાકાપુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઈપ, ઊંચા કાગળ, સુશોભિત બાઈન્ડીંગથી તૈયાર છે. થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧-૮-૦ પો. જુદું.

**બીજા પર્વથી છપાય છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.




એમ તો શ્રીપાલરાજાના રાસની ઘણી આવૃત્તિઓ આજ સુધીમાં જુદા જુદા પ્રકાશકોએ બહાર પાડી છે, એ છતાં, અમારા તરફથી બહાર પડેલ રાસને શા માટે શ્રેષ્ઠ સ્થાન મળ્યું તે તમો જાણો છો ?

**આ રાસમાં** નવપદજી મહારાજનું યંત્ર ખૂબ શોધ કરીને રજૂ કરવામાં આવ્યું છે

**આ રાસમાં** વાંચકોની સરળતા માટે, તેમ જ આકર્ષણ માટે ખાસ નવા ચિત્રો તૈયાર કરાવી મૂકવામાં આવેલ છે.

તેમ જ

નવપદજી મહારાજની પૂજા, દોહા, નવપદજીની ઓળીની સંપૂર્ણ વિધિ, ઉપયોગી સંગ્રહ પણ આમાં રજૂ કરવામાં આવ્યો છે, એટલે નવપદજી મહારાજની ઓળીના આરાધન સમયે, આ એક જ રાસ દરેક જાતની સગવડ પૂરી પાડે છે.

શુદ્ધ અને સારો રાસ વસાવવાની ઇચ્છાવાળા દરેક કુટુંબોમાં અમારા રાસને સ્થાન મળેલ છે. તમોએ જો આજ સુધીમાં આ રાસ ન વસાવ્યો હોય તો આજે જ મંગાવો. બીજા રાસાઓ કરતા આ રાસમાં ઘણી મહત્તા છે, અને એટલો જ તે આકર્ષક છે. મૂલ્ય પણ તેના પ્રમાણમાં નામનું જ છે.

**પાકું રેશમી પુઠું રૂા. રાા :: પાકું ચાલુ પુઠું રૂા. ૨)**

**લખોઃ—જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only